*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો




# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૩૭



## સુખમય સુપ્રભાત

અહો, આત્માનું સુખ, જે રાગથી પાર છે તેનો સ્વાદ જીવે પૂર્વે કદી ચાખ્યો ન હતો. સમ્યગ્દર્શનરૂપી ચૈતન્ય–પ્રભાતે ઊગ્યું ત્યારે આત્માના અનુભવમાં તે અપૂર્વ આહ્લાદરૂપ સુખનો સ્વાદ પહેલીવાર આવ્યો. ને પછી તેમાં લીનતાવડે શુદ્ધોપયોગી કેવળજ્ઞાન થતાં તો તે સુખ અતિશયપણે અનુભવમાં આવ્યું, આખો સુખનો દરિયો જ ઉલ્લસ્યો. એ સુખની શી વાત! ભગવાન કુન્દકુન્દસ્વામી જેવા સંત જેની અત્યંત પ્રશંસા કરે છે, તેવું સુખ આત્માના સ્વભાવમાં ભર્યું છે. અરે, પ્રસન્નતાથી એની પ્રતીત તો કરો. પ્રતીત કરતાં તે પ્રગટ થશે. નાસ્તિમાંથી અસ્તિ ક્યાંથી આવશે? સત્ છે તેની અસ્તિનો સ્વીકાર કરતાં તે અનુભવમાં આવે છે ને સુખમય સુપ્રભાત ખીલી જાય છે.

તંત્રીઃ **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદકઃ **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૪૯૮, કારતક (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૯ઃ અંક ૧

શ્રી દિ.જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૮
કારતક
OCTO. 1971

* વર્ષ: ૨૯ અંક ૧ *

# 卐 આપણું ઉત્તમ ધ્યેય 卐

સાધર્મી બંધુઓ, દીવાળીના મંગલ પર્વમાં ગુરુદેવે પીરસેલા ઉત્તમ અધ્યાત્મ તત્ત્વની આનંદકારી બોણી આત્મધર્મના આ અંક દ્વારા આપ મેળવી રહ્યા છો. આ એવી અલૌકિક બોણી છે કે જેના વડે મુક્તિનો ઉત્તમ લાભ થાય છે. અહા! આત્માનો લાભ થાય–એના જેવું ઉત્તમ બીજું શું હોય!

ગુરુદેવ જૈનશાસનના મર્મરૂપે આપણને નિરંતર કહે છે કે હે ભવ્ય! આનંદથી ભરેલા તારા આત્માની તું અનુભૂતિ કર. અંતર્‌તત્ત્વની આવી અનુભૂતિ કરવી તે જ જીવનની સફળતા છે.

રાગથી પાર આત્માની અનુભૂતિરૂપ ઉત્તમ ધ્યેયવાળું જ મુમુક્ષુનું જીવન હોય છે. અને જ્યાં આવું ઉત્તમ ધ્યેય છે ત્યાં આત્મામાંથી ઉત્તમ શાંતિના ફુવારા ફૂટે છે, ત્યાં સંસારનો કોલાહલ રહેતો નથી. જગતના કોલાહલથી અત્યંત દૂર–દૂર, ચૈતન્યતત્ત્વના પરમ શાંતરસમાં ઊંડી શોધ કરીને મુમુક્ષુજીવો પોતાના ઉત્તમધ્યેયને પામીને આનંદમય સુપ્રભાત ઉગાડો... (–બ્ર. હ. જૈન)

# આત્મામાં નિર્વાણમાર્ગના મંગળ દીવડા પ્રગટયા એ જ સાચી દીપાવલી

[ વીર સં. ૨૪૯૭, આસો વદ ૧૪, નિયમસાર ગાથા ૧૩૭ ]

**આત્મામાં ચૈતન્ય-દીવડા પ્રગટે, અને ભગવાન મહાવીર જે માર્ગે નિર્વાણ પામ્યા તે નિર્વાણમાર્ગ આ આત્મામાં પણ પ્રગટે... એ રીતે સાચી દીવાળી ઊજવાય તેની રીત ગુરુદેવે આ પ્રવચનમાં બતાવી છે. ધર્મી જાણે છે કે મારી ચેતનાપરિણતિમાં મારું પરમાત્મતત્ત્વ બિરાજે છે. ચૈતન્યદીવડાથી બહાર નીકળીને પરભાવરૂપી અંધકારમાં મારું તત્ત્વ જતું નથી. ચેતનાપરિણતિમાં અખંડ તત્ત્વના આનંદનો સદ્‌ભાવ તે અજોડ દશા છે. અનંત ચૈતન્યદીવડાથી શોભતું આનંદમય સુપ્રભાત તેને ઊગ્યું.**

ભગવાનનો માર્ગ એટલે કે આત્માની મુક્તિનો માર્ગ અત્યંતપણે અંતર્મુખ છે, સમસ્ત રાગાદિ બાહ્યભાવોનો તેમાં સર્વથા અભાવ છે. આનંદ સ્વરૂપ જે પોતાનું પરમાત્મતત્ત્વ, તેમાં જોડાઈને જે ઉપયોગ અંતર્મુખ થયો તેમાં રાગાદિ સમસ્ત પરભાવોનો અભાવ છે; અહો! આવી અંતર્મુખ પરિણતિમાં દુઃખ નથી, ભવ નથી, દ્વૈત નથી, તે તો આનંદરૂપ છે, મુક્ત છે, આનંદમય કારણપરમાત્મા સાથે તે જોડાયેલી છે.

અંતરમા આનંદના સમુદ્રના તળીયાને સ્પર્શીને જે પરિણતિ આવે તે પરિણતિ અત્યંત આનંદરૂપ છે, તે પરિણતિ સાથે આત્માને એકાકારપણે જોડવો તે શુદ્ધોપયોગભક્તિ છે, તે નિર્વાણની ભક્તિ છે.

જેના અસંખ્ય પ્રદેશો અતીન્દ્રિય આનંદરસમાં તરબોળ છે એવા પોતાના આત્મામાં અત્યંત અંતર્મુખ થતાં જે પરમ આનંદ પરિણતિ પ્રગટી તેમાં રાગ–દ્વેષ–મોહાદિ છે જ નહીં. અરે, આવા આનંદથી ભરપૂર

અંતર્તત્ત્વને છોડીને બહારમાં વિષય-કષાયોમાં ડોકિયાં કોણ કરે? સુખના દરિયામાંથી બહાર નીકળીને દુઃખમાં કોણ જાય?

અખંડ સ્વરૂપના આશ્રયે પ્રગટેલી પરિણતિ પણ અખંડ છે, અખંડ આત્મસ્વરૂપમાં જે પર્યાય એકાગ્ર થઈ તે પર્યાય પણ અખંડ છે રાગાદિ વડે તે ખંડિત નથી; તેનામાં રાગાદિનો અભાવ છે, ને અખંડ તત્ત્વના આનંદનો સદ્ભાવ છે, તે અજોડ દશા છે; તેની સાથે વ્યવહારના ભાવોની તૂલના થઈ શકે નહીં. તે પર્યાયમાં તો આનંદમય પ્રભુ પધાર્યા છે.

કારણપરમાત્મારૂપ શુદ્ધદ્રવ્ય, પોતાની અંતર્મુખ પરિણતિમાં થંભી ગયું છે; તેથી આગળ નીકળીને બહારના પરભાવોમાં તે જતું નથી. અહા! પોતાની ચેતનાપરિણતિમાં પોતાનું પરમાત્મતત્ત્વ બિરાજે છે; પોતાની પરિણતિ સાથે દ્રવ્ય જોડાય છે, ને પરિણતિ પોતાના દ્રવ્યમાં જોડાય છે, આ રીતે દ્રવ્ય-પર્યાયનું અદ્વૈત છે, તેમાં દ્વૈત નથી, તેમાં ક્યાંય રાગાદિ પરભાવ નથી. ચૈતન્યતત્ત્વમાં જોડાયેલી પરિણતિ રાગાદિમાં જરાય જોડાતી નથી. અરે, ચેતનાપરિણતિમાં જો ચેતનપ્રભુ ન આવે તો એને ચેતનપરિણતિ કોણ કહે?

સિદ્ધભગવાન જેમ રાગમાં નથી રહ્યા, પોતાના આનંદમાં જ રહ્યા છે; તેમ સાધકની અંતર્મુખ પરિણતિ પણ રાગાદિ પરભાવમાં નથી વર્તતી, તે તો પરમ તત્ત્વના આનંદથી ભરેલી છે. આવી પરિણતિરૂપે આત્મા પરિણમ્યો તે જ સાચી દીવાળી; તેનામા અનંત ચૈતન્યદીવડા પ્રગટયા, ને આનંદમય સુપ્રભાત તેને ઊગ્યું.

અરે, સંસારના પ્રપંચમાં ને લક્ષ્મી વગેરે વૈભવમાં જેને સુખ લાગે તે જીવ ત્યાંથી ઉપયોગને હટાવીને, અંદરના આનંદમય તત્ત્વમાં ઉપયોગને કેમ જોડે? અને મોક્ષનું સુખ તેને ક્યાંથી મળે? અહા! આત્મા પોતે શાંતરસનો મહા સાગર, પરમ આનંદથી ભરપૂર તત્ત્વ, તેમાં ઉપયોગને જોડતાં જે આનંદદશા પ્રગટે છે તે અજોડ છે, તેની પાસે સંસારના બધા સુખો તો પ્રપંચરૂપ છે, તેમાં ક્યાંય સાચું સુખ છે જ નહીં. સાચું સુખ તો અંતરના સુખનિધાનમાંથી નીકળે છે.

અંતરના સુખના નિધાનમાં જેણે પોતાનો ઉપયોગ જોડયો છે એવા

સમ્યગ્દ્રષ્ટિ–યોગીજનો જ પોતાના અખંડ અદ્વૈત પરમઆનંદને અનુભવે છે. આવો આનંદનો અનુભવ પ્રગટે તે જ ચૈતન્યના દીવડાથી ઝગઝગતી દીવાળી છે.

અહા, આવું અપૂર્વ ચૈતન્યસુખ, તે બાહ્યદ્રષ્ટિવાળા બીજા જીવોને ક્યાંથી હોય? ઉપયોગને રાગથી છૂટો કરીને અંતરમાં જે જોડે તેને જ આવું અપૂર્વ ચૈતન્યસુખ અનુભવાય છે. આવી દશા તે જ ભવના અંતનો પંથ છે, તે જ મહા આનંદનો માર્ગ છે. આવી દશાવડે જ આત્મામાં સાચી આનંદમય દીવાળી ઉજવાય છે.

ચૈતન્યન પરિણતિને પોતાના કારણપરમાત્મા સાથે જ મેળ ખાય છે, એ સિવાય દુનિયાના પ્રપંચ સાથે એને મેળ ખાય તેમ નથી. માટે દુનિયાના કોઈ અજ્ઞ જીવો કદાચ તારા સત્માર્ગની નિંદા કરે તોપણ તું માર્ગ પ્રત્યેની પરમભક્તિને કે ઉત્સાહને છોડીશ નહીં. અહા, આ જ મારા સુખનો માર્ગ છે–એમ પરમ નિઃશંકપણે અંતરમાં તારા માર્ગે ચાલ્યો જાજે. આવો અંતરનો માર્ગ બહારના શુભાશુભ પ્રપંચમાં રોકાયેલા જીવોને ક્યાંથી હોય? દુનિયા દુનિયામાં રહી, મારો માર્ગ તો મારામાં સમાય છે.

ચૈતન્ય ચમત્કારની ભક્તિ વડે આત્મા મુક્તિ પામે છે. તે ભક્તિ કેમ થાય? કે મહાશુદ્ધ રત્નત્રયસ્વભાવી આત્મા છે તેમાં પોતાને સમ્યક્ પરિણામવડે સ્થાપવો તે નિશ્ચયભક્તિ છે, તે મુક્તિનું કારણ છે.

ભાઈ, તારા સુખના પંથ તારા આત્મામાંથી નીકળે છે; જેમાં મહાન સુખ ભરેલું છે એવો તું પોતે તારા આત્મામાં એકાગ્ર થઈને સુખનો અનુભવ કર, તે જ તારા સુખનો પંથ છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે નિર્મળ પર્યાય તે રૂપે પોતાનો આત્મા પરિણમે છે. રત્નત્રયસ્વભાવ આત્મામાં ત્રિકાળ છે, તે મહા–શુદ્ધ રત્નત્રયવાળા સ્વભાવને તારી નિર્મળ પર્યાયમાં સ્થાપ. આત્માને રાગમાં ન સ્થાપ; સ્વસન્મુખ ચૈત્નયપરિણતિમાં આત્માને સ્થાપ.

અરે, આત્માની શાંતિથી બહાર નીકળીને ચોરાશીના ચક્કરમાં દુઃખી થઈને ડોલી રહેલો આ આત્મા, તેને તેમાંથી બહાર કાઢવા માટે, દુઃખની ભડભડતી અગ્નિમાંથી આત્માને બચાવવા માટે, હે જીવ! અંદર મહાન

શાંતિનું સરોવર છે, તેમાં તારા આત્માને તરબોળ કર; સ્વભાવની સન્મુખ થઈને સમ્યક્ પરિણામમાં તારા આત્માને સ્થાપ તે જ ચૈતન્યની પરમ ભક્તિ છે, તેનું ફળ મુક્તિ છે.

વાહ! મુક્તિનો માર્ગ... તેનો પણ કોઈ પરમ અચિંત્ય મહિમા, –તો જે આત્મસ્વભાવમાંથી આવો માર્ગ પ્રગટે છે તેના મહિમાની શી વાત! આવા સ્વભાવને લક્ષગત કરતાં તેના પરમ મહિમારૂપ ભક્તિ જાગે છે, ને પરિણામ તેમાં એકાગ્ર થઈને તેને જ ભજે છે; તે ભક્તિવડે જીવ આનંદમય મોક્ષઘરને પામે છે.

આત્માનું ચૈતન્યઘર મહાન આનંદથી અતિશય શોભી રહ્યું છે; આ ચૈતન્યઘરથી ઊંચું બીજું કાંઈ જગતમાં નથી. અરે જીવ! તારા ઘરમાં આવીને તારા આત્માની શોભા તો જો! અદ્ભુત–અલૌકિક આનંદ તેમાં ભરેલો છે... ચૈતન્યભગવાન તેમાં વસે છે... ભગવાનપણું તારા ઘરમાં જ ભરેલું છે; ને કોઈ વિભાવનો કચરો તેમાં નથી, કોઈ વિપદા તેમાં નથી. પરમ ભક્તિથી આવા ચૈતન્યચમત્કાર–આનંદમય સ્વઘરમાં આત્માને સ્થિર કરતા તારો આત્મા અતિશય આનંદથી શોભી ઉઠશે... દીવાળીના ચૈતન્ય દીવડા આત્મામાં ઝગઝગી ઊઠશે.

# હું તીર્થંકરોના પંથે જાઉં છું

અરે જીવ! ભવચક્રમાં તું દુઃખથી રખડી રહ્યો છો; એકવાર આનંદમૂર્તિ પોતાના આત્માને લક્ષમાં લઈને તેનો અનુભવ કર તો તારા બધાય ભવ ટળી જશે, ને મોક્ષનો માર્ગ તારામાં જ પ્રસિદ્ધ થશે. અરે, મનુષ્યપણું પામીનેય જો મોક્ષનો ઉપાય ન કર્યો તો તેં શું કર્યું? આ મનુષ્યઅવતારમાં કરવા જેવું કામ તો આ એક જ છે. બીજા શુભ–અશુભ હોય તે કાંઈ ચૈતન્યની ચીજ નથી. જ્ઞાનને અંતર્મુખ કરીને સીધો જ્ઞાનાનંદસ્વરૂપ સાથે સંબંધ કર. –તેમાં તને આત્મલબ્ધિરૂપ મુક્તિ થશે. મોક્ષનો મહા આનંદ તને તારા આત્મામાં જ અનુભવાશે; માટે ઉપયોગને આત્મામાં જોડીને અનુત્તમ સૌથી શ્રેષ્ઠ એવી યોગભક્તિ કર. બધાય તીર્થંકર ભગવંતો આવી ઉત્તમ યોગભક્તિવડે જ નિર્વાણને પામ્યા છે, હું પણ આવી યોગભક્તિ વડે મુક્તિના માર્ગમાં તે તીર્થંકરોના પંથે જાઉં છું.

### ॐ મંગલ દીપાવલી-પ્રવચન ॐ

# મોક્ષ માટેની યોગ-ભક્તિ

## જેના વડે તીર્થંકરો મોક્ષ પામ્યા, તું પણ તેમાં આત્માને જોડ!

[ મહાવીરનિર્વાણ મંગલદિનઃ વીર સં. ૨૪૯૮ પ્રારંભઃ નિયમસાર ગા. ૧૩૮ ]

આજે ભગવાન મહાવીર પરમાત્મા મોક્ષ પામ્યા તેનો મંગળ દિવસ છે; એવા મોક્ષની ભક્તિ એટલે કે મોક્ષની આરાધના કેમ થાય તેની આ વાત છે.

ભાઈ, આ તારી મુક્તિના માર્ગ બતાવાય છે; તારા સુખની રીત બતાવાય છે. આત્માના શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગને જોડતાં વીતરાગી સમરસ પ્રગટે છે તે જ મોક્ષની ભક્તિ છે, તે જ નિશ્ચય યોગભક્તિ છે. આવી ભક્તિવડે ઉત્તમ પુરુષો મુક્તિને પામ્યા છે.

આત્માને ક્યાં જોડવો? કેવો અનુભવવો? તે વાત છે. અજ્ઞાની પોતાના આત્માને રાગમાં જોડીને રાગને ભજે છે; તેને બદલે રાગથી ભિન્ન જે અતિ અપૂર્વ નિરૂપરાગ ચૈતન્યપરિણતિ, તે પરિણતિમાં આત્માને જોડવો, તેમાં મોહ–રાગ–દ્વેષાદિ સમસ્ત પરભાવનો અભાવ છે, વિકલ્પનો અભાવ છે, ને નિર્વિકલ્પ સમરસના ઘોલનરૂપ રત્નત્રયભાવ તેમાં વર્તે છે. આવી અતિ–અપૂર્વ પરિણતિમાં આત્માનું પરિણમન તે મોક્ષ માટેની યોગભક્તિ છે–એમ આ સૂત્રમાં કહ્યું છે.

અહો, કુંદકુંદાચાર્ય દેવ વગેરે સંતો તો વીતરાગ ભગવંતો હતા, તેમના રચેલાં આ સૂત્રો તે પણ વીતરાગી સૂત્રો છે. તેમાં કહે છે કે હે ભવ્ય? મોક્ષને માટે તારા આત્માને તારી અતિ અપૂર્વ વીતરાગ ચૈતન્યપરિણતિમાં જોડ; તેમાં આનંદમય સમરસ છે, પણ તેમાં વિકલ્પ નથી, રાગ નથી, દુઃખ નથી, આવી નિર્વિકલ્પ ચૈતન્ય વિલાસરૂપ રત્નત્રય–પરિણતિમાં આત્માને જોડીને, એટલે કે આત્માને તે રૂપે પરિણમાવીને ભગવાન મહાવીર મોક્ષપદને પામ્યા. માટે હે ભવ્ય જીવો! હે મહાજનો! તમે પણ નિજ આત્માને વીતરાગી સ્વપરિણતિમાં જોડીને, પરમ વીતરાગસુખ દેનારી આવી યોગભક્તિ કરો.

અહા, આનંદમય શાંત ચૈતન્યધામ! તેમાં વિકલ્પનો શોરબકોર કેવો? શાંતિના દરિયામાં અશાંતિ કેવી? ધર્મીને પર્યાયેપર્યાયે પોતાનો કારણપરમાત્મા અભેદ વર્તી રહ્યો છે; કારણપરમાત્માને પોતામાં અભેદ રાખીને જ ધર્મીનું પરિણમન વર્તી રહ્યું છે, એટલે તેણે પોતાને રાગથી જુદો કરીને પોતાની શુદ્ધ–નિર્વિકલ્પ–આનંદમય–ચૈતન્યપરિણતિમાં સ્થાપ્યો છે. –આનું નામ ઉત્તમ યોગભક્તિ, અને આ જ મોક્ષ માર્ગ! ઋષભથી માંડીને મહાવીર સુધીના તીર્થંકર ભગવંતો આવી યોગભક્તિ વડે નિર્વાણને પામ્યા છે, માટે તું પણ આવા ઉત્તમ યોગરૂપ ભક્તિ કર.

અહા, તે ભગવંતો સર્વ આત્મપ્રદેશે અત્યંત આનંદરૂપી પરમ સુધારસના પાનથી પરિતૃપ્ત થયા. સમ્યગ્દર્શન થયું ત્યારે પણ આત્મા સર્વપ્રદેશે આનંદમય પરમ સુધારસના પાનથી તૃપ્ત–તૃપ્ત થયો છે; ને તેના ફળમાં મોક્ષના સાદિઅનંત આનંદમય અનંત ચૈતન્યરસમાં આત્મા પરિતૃપ્ત થયો. મોક્ષનો માર્ગ તો આનંદમય છે.

ધર્માત્મા જાણે છે કે અહા, મારો પરમ આનંદમય આત્મા જ્યાં મારા અનુભવમાં બિરાજે છે ત્યાં હવે કેવળજ્ઞાન અને મોક્ષદશા પણ મને નજીક જ વર્તે છે. અનંતકાળના ભવદુઃખનો તો હવે અંત આવી ગયો. સમ્યગ્દર્શન થતાં રાગ વગરની ચૈતન્ય શાંતિનું વેદન થયું. શુદ્ધ દ્રવ્ય–ગુણનો સ્વીકાર થયો ત્યાં આત્મા શુદ્ધ પર્યાયરૂપે પરિણમ્યો, એટલે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેયથી શુદ્ધપણે આત્મા પરિણમ્યો, રાગના અંધારા દૂર કરીને ચૈતન્યદીવડાનો પ્રકાશ પ્રગટયો. આ સાચી દીવાળી છે. દીવાળીમાં આત્માએ પોતે પોતાને પરમ આનંદની બોણી આપી.

આત્માનું સ્વરૂપ સર્વથા અંતર્મુખ છે; તેને પોતાની અંદર પોતાની શુદ્ધઆનંદ પરિણતિનો જ સથવારો છે, બીજા કોઈનો સથવારો તેને નથી; રાગ તો બહાર રહી જાય છે. અહો, આ તો સંતોના માર્ગનું અમૃત છે. થોડુંક પણ અમૃત પરમ આનંદને આપે છે ને અનંતકાળનું દુઃખ મટાડે છે. ધર્માત્માને જ્યાં અંતર્મુખ પરિણામ થયા ત્યાં તેની પરિણતિમાં હવે નિર્મળતા જ વહે છે, કારણ પરમાત્માપ્રભુ તેની દશામાં બિરાજે છે, તેમાં હવે રાગને કે ભવને સ્થાન જ નથી. ભાઈ! તારા આત્માને આવા સ્વભાવ તરફ ઉલ્લસાવ! અરે, નિજાનંદથી ભરપૂર આવા પોતાના તત્ત્વને ભૂલીને બીજે ક્યાંય પણ ઉલ્લાસ કરીને રોકાઈ જાય–તે અંતર્મુખ ક્યાંથી થાય? મુક્તિનો માર્ગ ત સર્વથા અંતર્મુખ જ છે.

ભાઈ, તારા મોક્ષને માટે તારી શુદ્ધપરિણતિ જ તને અનુકૂળ છે, ને રાગાદિ પ્રતિકૂળ છે. બીજું કોઈ તને અનુકૂળ કે પ્રતિકૂળ નથી.

મોક્ષમાર્ગમાં તારી પોતાની જે અતિ–અપૂર્વ શાંત પરિણતિ છે તે જ તારી સાથીદાર છે, તે પરિણતિમાં જ તું કારણપરમાત્માં બિરાજી રહ્યો છો. અહા, હું કારણપરમાત્માં જેમાં બિરાજું તેમાં મોહ–રાગદ્વેષ કેમ રહે? ન જ રહે. મારા આત્માને શુદ્ધતામાં પરિણામવ્યો ત્યાં હવે અશુદ્ધતા છે જ નહીં. આનું નામ મોક્ષ માટેની સાચી યોગભક્તિ છે. આવી ભક્તિ વડે જ તીર્થંકર ભગવંતો નિર્વાણના મહા આનંદને પામ્યા છે, માટે તું પણ તારા આત્માને આવી યોગભક્તિમાં જોડ.... તને પણ મહા આનંદ સહિત મોક્ષમાર્ગ પ્રગટશે.

**આત્મામાં મોક્ષમાર્ગના દીવડા પ્રગટયા એ જ સાચી દીવાળી.**

## આનંદઝરતું મારું સુંદર તત્ત્વ

અહો, ઋષભાદિ મહાવીરપર્યંત સમસ્ત જિનવર ભગવંતો આવી પરમ યોગભક્તિ વડે જ મુક્તિને પામ્યા છે. અહા, મોક્ષ એ તો પરમઆનંદથી તૃપ્ત દશા છે. પરમ આનંદમય તત્ત્વમાં જે પરિણતિ ઢળી ગઈ તે પોતે આનંદરૂપ થઈ ગઈ, ને ભવદુઃખથી તે છૂટી ગઈ. માટે હે મોક્ષસુખના અભિલાષી ભવ્યજન! તું પણ તારી પરિણતિને આત્મામાં જોડીને આવી યોગભક્તિ કર. આ યોગભક્તિ તને પરમ વીતરાગ સુખ દેનારી છે.

અહો, સુંદર આનંદઝરતું મારું આ તત્ત્વ પરમ ઉત્તમ છે, તેની ભાવનાથી અપૂર્વ સુખ ઊપજે છે. અહા, આવું સહજ સુખરૂપ મારું તત્ત્વ, તેની ભાવનામાં તત્પર એવા મને હવે જગતના બીજા કયાં પદાર્થની સ્પૃહા છે? તેથી–

“ગુરુના સાન્નિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને, જ્ઞાનવડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે એવો હું, હવે રાગ–દ્વેષની પરાંપરારૂપે પરિણત ચિત્તને છોડીને, શુદ્ધ ધ્યાનવડે શાંત–એકાગ્ર કરેલા સમાહિત મનથી મારા આનંદાત્મક તત્ત્વમાં જ સ્થિર રહું છું–પરમબ્રહ્મ પરમાત્મામાં લીન રહું છું.” **(નિયમસાર)**

**સમ્યક્ ચૈતન્યપ્રભાતનો ઉદય જયવંત રહો.**

# 卐 આત્મલબ્ધિનો ઉત્તમ અવસર 卐

(કારતક સુદ એકમ સુપ્રભાતનું મંગલપ્રવચન નિયમસાર કળશ ૧૨૯)

બેસતા વર્ષના સુપ્રભાતમાં મંગલરૂપે આત્મામાં પંચપરમેષ્ઠીપણું બતાવતાં ગુરુદેવે કહ્યું કે સિદ્ધભગવંતો, અરિહંતભગવતો વગેરે પરમેષ્ઠીપદ છે તે આત્મામાં જ છે; પંચપરમેષ્ઠીસ્વરૂપ આત્મા જ છે તેથી આત્મા પોતે મંગળ છે. આવા આત્માના ધ્યાનથી અંદર અપૂર્વ શાંતિનું વેદન થાય છે. ભગવાનપણું આત્મામાં વિદ્યમાન છે તે સત્ છે, તેથી તેને ધ્યાવતા અંદર શાંતિનું વેદન થાય છે. આવા આત્મસ્વરૂપને લક્ષમાં લેતાં સમ્યક્ત્વાદિ સુપ્રભાત પ્રગટે છે ને તેના ફળમાં અનંત ચતુષ્ટયસ્વરૂપ મહાન આનંદમય સુપ્રભાત પ્રગટે છે તે સાદિઅનંત રહે છે.

મંગલપ્રવચનમાં નિયમસાર કળશ ૧૨૯ વાંચતા ગુરુદેવે કહ્યું કે–આત્મા પોતે ત્રિકાળપ્રકાશમાન ચૈતન્યસૂર્ય છે તે ત્રિકાળ મંગળ છે; તેની સન્મુખતા વડે સમ્યગ્દર્શનાદિ ચૈતન્યપ્રભાત પ્રગટે છે તે આનંદરૂપ છે; અને કેવળજ્ઞાન–કેવળદર્શન–અનંતસુખ ને અનંતવીર્ય ખીલી જાય છે તે મહાન મંગળ છે.

મંગળ પ્રભાત કહો કે સુખમય આત્માની લબ્ધિ કહો. તે કેમ પ્રગટે? આત્મામાં ઉપયોગને જોડતાં કોઈ ભેદવિકલ્પ રહેતા નથી, આ જ સૌથી શ્રેષ્ઠ યોગ–ભક્તિ છે. આવી સર્વોત્તમ યોગભક્તિવડે, એટલે કે અન્તર્મુખ ઉપયોગ વડે આત્મલબ્ધિરૂપ મુક્તિ થાય છે.

અહો, મંગળવર્ષમાં આત્મલબ્ધિની વાત આવી છે. આત્માની પ્રાપ્તિ થાય અનુભૂતિ થાય–એના જેવો બીજો કોઈ લાભ જગતમાં નથી. બાપુ! સંસારમાં તું કષાયોના દાવાનળમાં જલી રહ્યો હતો, તેનાથી છૂટીને આ ચૈતન્યની અપૂર્વ શાંતિમાં આવવાનો અવસર છે, આત્માની લબ્ધિનો આ ઉત્તમ અવસર છે. આત્મા અનંત સ્વભાવથી ભરેલ વસ્તુ, તેની અનુભૂતિમાં ભેદનો અભાવ છે, ને અભેદચૈતન્યમાં પરમ આનંદનું વેદન છે. અહા, ચૈતન્યવસ્તુ તો આનંદરૂપ જ હોય ને! વસ્તુ કાંઈ દુઃખરૂપ હોય? આત્મા તો અતીન્દ્રિય આનંદનો મોટો પહાડ છે. આવા આત્માની પ્રાપ્તિમાં આનંદનું વેદન છે, પણ તેમાં કોઈ ભેદ–વિકલ્પ નથી. આવી અભેદઅનુભૂતિ પ્રગટે તે જ ચૈતન્યદીવડાથી શોભતી અપૂર્વ દીવાળી છે. **(બાકીનો ભાગ આવતા અંકે)**

# “जाकी मौज महिमा अपार अद्‌भुत है”

## અદ્‌ભુત આત્મતત્ત્વનો મહિમા જગતમાં પ્રસિદ્ધ છે

જેનો મહિમા દુનિયામાં પ્રસિદ્ધ છે એવા અદ્‌ભુત મહિમાવંત ચૈતન્યતત્ત્વને હે જીવો! તમે તમારામાં અનુભવો. જગતમાં અનંત સંતોએ આવો મહિમાવંત આત્મા પ્રસિદ્ધ કર્યો છે. આવું મહિમાવંત આનંદથી ભરેલું તારું ચૈતન્યતત્ત્વ, તું જ્યાં જા ત્યાં તારી સાથે ને સાથે જ છે, તેને દેખ તો જ તને આનંદ થશે; પોતાના આનંદસ્વરૂપને દેખ્યા વગર જગતમાં ક્યાંય લેશમાત્ર સુખ મળવાનું નથી.

(૨૪૯૭, આસો સુદ ૧૧, સમયસાર નાટક પાનું ૩૫૯–૩૬૦)

અહો, આ મારું ચૈતન્યતત્ત્વ! એનો કોઈ અદ્‌ભુત મહિમા છે. તેના આનંદનો મહિમા અપાર છે, જગતમાં તે સર્વશ્રેષ્ઠ શિરોમણિ છે. અનંત ગુણ–પર્યાયો હોવા છતાં નિશ્ચયદ્રષ્ટિમાં એકરૂપ આત્મતત્ત્વ અનુભવાય છે. વિકાર હોવા છતાં આવા નિર્વિકાર ચૈતન્યતત્ત્વનો અનુભવ થાય છે. ચૈતન્યતત્ત્વ પરમ શાંત છે.

પર્યાયમાં અમુક વિભાવ પરિણામ છે તોપણ શુદ્ધચૈતનાશક્તિથી પરિપૂર્ણ શાંતરસનો પિંડ હું છું–એમ સાધકને પોતાના આત્માનું ભાન વર્તે છે. સ્વભાવમાં ઊંડે ઊતરતાં પરમ શાંતરસનું વેદન થાય છે. આવું ઊંડું ચૈતન્યતત્ત્વ વીતરાગદેવે બતાવ્યું છે, તેને પોતામાં દેખવું તે ધર્મ છે.

અહો, મારું પરમ ચૈતન્યપણું તો પરભવથી છૂટું ને છૂટું છે, કર્મથી તે મુક્ત જ છે; સ્વક્ષેત્રમાં જ લોકાલોકનું જ્ઞાન સમાય છે; આવી ચૈતન્ય સ્વસત્તાને લક્ષગત કરતાં જે આત્મવસ્તુ દેખાય છે તેનું કૌતુક મહાન છે, કોઈ અચિંત્ય આશ્ચર્યકારી વસ્તુ છે. અરે, આવી આત્મવસ્તુનો મહિમા અને ગુણગાન સંતો અનાદિથી કરતા આવ્યા છે ને જગતમાં અનંતકાળ સુધી તેનો મહિમા ગવાશે. જગતમાં મહિમાવંત વસ્તુ આ ચૈતન્યસ્વરૂપ આત્મા જ છે. એનો મહિમા અનુભવ્યા પછી જગતમાં બીજી કોઈ વસ્તુ મહિમા–

વંત લાગતી નથી. આવી વસ્તુ હું પોતે જ છું એમ અંતરમાં પોતાના સ્વરૂપનો વારંવાર પરિચય કરવા જેવો છે. ચૈતન્યતત્ત્વમાં ભવ નથી; એટલે એના પરિચયથી, એના અનુભવથી ભવનો અભાવ થઈ જાય છે. અરે, તું મહિમાવંત છો, તારા મહિમાને તું જાણ તો ખરો. આત્મા તો આનંદદાયક વસ્તુ છે; આત્માને જાણવામાં આનંદનો અનુભવ થાય છે. એની મોજ એટલે અતીન્દ્રિય આનંદ, એના મહિમાનું શું કહેવું ? અને એકલો આનંદ નહિ પણ આનંદ જેવા બીજા અનંત ભાવો ( જ્ઞાન–શ્રદ્ધા વગેરે ) જેમાં ભર્યા છે–તે આત્માની કીર્તિ આ જગતમાં ત્રણેકાળ ફેલાયેલી છે; આત્માની મહાનતા જગતમાં ત્રણેકાળ વર્તે છે. જેણે આવા આત્માનો આનંદ અનુભવ્યો તે જગતમાં ગમે ત્યાં હો તોપણ આત્માની મહિમાને જાણતો થકો આનંદને વેદે છે. નરકના સંયોગમાં રહેલો સમ્યગ્દ્રષ્ટિ પણ અંતરમાં આત્માની મુક્તિના આનંદને સ્પર્શે છે. એક તરફથી ભવનું દુઃખ પણ દેખાય છે ને બીજી તરફ અંતરમાં પરમઆનંદથી ભરેલું મુક્તસ્વરૂપ પણ દેખાય છે. અજ્ઞાની જીવ મોટા સ્વર્ગમાં જાય તોપણ ત્યાં આત્માના સુખને લેશમાત્ર તે દેખતો નથી. અરે ભાઈ ! તું ગમે ત્યાં જા, પણ અંતરમાં આનંદથી ભરેલું તારું સ્વરૂપ તારી સાથે તારામાં જ છે, તેને દેખ તો જ તને આનંદ થશે. પોતાના આનંદસ્વરૂપને દેખ્યા વગર જગતમાં ક્યાંય તને લેશમાત્ર સુખ મળવાનું નથી.

અહા, આવો આત્મા જગતમાં અનંતા સંતોએ પ્રસિદ્ધ કર્યો છે, અનંતા સંતોએ તેનાં ગુણગાન પ્રસિદ્ધ કર્યા છે. આત્માનો અદ્‌ભુત મહિમા દુનિયામાં સર્વત્ર વિજયવંત વર્તે છે, અરે, આવો તું પોતે છો ! એકવાર આવા સ્વરૂપે તું તને અનુભવમાં તો લે. આવા ચેતનનો પોતાનો મહિમા જેને ભાસ્યો તેને કોઈ વિકલ્પની, કોઈ સંયોગની મહત્તા ભાસે નહીં. ચૈતન્યની આવી મહત્તા જાણીને અનુભવવડે તેની પ્રસિદ્ધિ કરનારા જીવો અનાદિઅનંત ચારે ગતિમાં સદા વિજયવંત છે; આત્માનો અનુભવ કરીને તેને પ્રસિદ્ધ કરનારા ધર્માત્મા જ્ઞાનીઓ અનાદિ–અનંત થયા જ કરે છે; ચારેગતિમાં એવા જીવો સદાય હોય જ છે. ચૈતન્યપ્રભુનો અદ્‌ભુત મહિમા છૂપો નથી, દુનિયામાં પ્રસિદ્ધ છે. આવા પ્રસિદ્ધ મહિમાવંત અદ્‌ભુત તત્ત્વને હે જીવો ! તમે તમારામાં અનુભવો. અનુભવમાં પ્રસિદ્ધ થયેલો આત્મા ખરેખર અદ્‌ભુત છે.

# સમ્યગ્દ્રષ્ટિનાં આઠ અંગનું સુંદર વર્ણન

## આખુંય ચૈતન્યતત્ત્વ જેમાં ઉલ્લસે છે એવા સમ્યક્ત્વનો અદ્ભુત મહિમા

અહા, ચૈતન્યમાં અનંત સ્વભાવો ભર્યા છે, તેનો મહિમા અદ્ભુત છે. તેની સન્મુખ થઈને રાગરહિત નિર્વિકલ્પ પ્રતીત કરતાં અતીન્દ્રિય આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન થાય છે; તેમાં અનંત ગુણોના નિર્મળ ભાવો સમાય છે, તે મોક્ષમાર્ગ છે. આવા સમ્યક્ત્વની સાથે ધર્મીજીવને નિઃશંકતાદિ આઠ ગુણ કેવા હોય છે તેનું આનંદકારી વર્ણન આપ અહીં વાંચશો. આ વર્ણન પૂ. ગુરુદેવના છહ્ઢાળા–પ્રવચનમાંથી લીધું છે. (સં.)

પરદ્રવ્યોથી ભિન્ન પોતાના શુદ્ધ એકત્વસ્વરૂપની રુચિ–પ્રતીત–શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. તેનો અદ્ભુત મહિમા છે. એવા સમ્યગ્દર્શનની સાથે શંકાદિ આઠ દોષોના અભાવરૂપ નિઃશંકતા વગેરે આઠગુણ હોય છે, તેનું આ વર્ણન છે–

૧. જિનવચનમાં શંકા ન કરવી.

૨. ધર્મના ફળમાં સંસારસુખની વાંછા ન કરવી.

૩. મુનિનું મલિન શરીર વગેરે દેખીને ધર્મપ્રત્યે ઘૃણા ન કરવી.

૪. તત્ત્વ અને કુતત્ત્વ, વીતરાગદેવ અને કુદેવ, વગેરેના સ્વરૂપની ઓળખાણ કરવી, તેમાં મૂઢતા ન રાખવી.

૫. પોતાના ગુણ તથા અન્ય સાધર્મીના અવગુણને ઢાંકે, અને વીતરાગભાવરૂપ આત્મધર્મની વૃદ્ધિ કરે, તેનું નામ ઉપગૂહન અથવા ઉપબૃંહણ અંગ છે.

૬. કામવાસના વગેરે કારણે પોતાનો કે પરનો આત્મા ધર્મથી ડગી જવાનો

કે શિથિલ થવાનો પ્રસંગ હોય તો વૈરાગ્યભવનાવડે કે ધર્મના મહિમાવડે ધર્મમાં સ્થિર કરે, દ્રઢ કરે, તે સ્થિતિકરણ છે.

૭. પોતાના સાધર્મીજનો પ્રત્યે ગૌવત્સ સમાન સહજ પ્રેમ રાખવો તે વાત્સલ્ય છે.

૮. પોતાની શક્તિવડે જૈનધર્મની શોભા વધારવી, તેનો મહિમા પ્રસિદ્ધ કરીને તેને દીપાવવો, તે પ્રભાવના છે.

આવા નિઃશંકતા વગેરે આઠ ગુણોવડે સમ્યગ્દ્રષ્ટિજીવ હંમેશાં શંકા વગેરે આઠ દોષોને દૂર કરે છે. નિશ્ચય સમ્યગ્દર્શનમાં તો પરથી ભિન્ન પોતાના શુદ્ધઆત્માની નિઃશંક શ્રદ્ધા છે, ને એનાથી ભિન્ન સમસ્ત પરભાવોની કે સંસારની વાંછાનો અભાવ છે;–તેની સાથેના વ્યવહાર આઠ અંગનું આ વર્ણન છે. સમ્યક્ત્વના નિઃશંકતા આદિ આઠ ગુણ અને શંકાદિક પચીસ દોષને જાણીને, ગુણોનું ગ્રહણ અને દોષોનો ત્યાગ કરવા માટે આ વર્ણન છે.

## 卐 ૧. નિઃશંકતા-અંગનું વર્ણન 卐

સર્વજ્ઞ જિનદેવે જેવા કહ્યા તેવા જ જીવાદિ તત્ત્વો છે, તેમાં ધર્મીને શંકા હોતી નથી. સર્વજ્ઞના સ્વરૂપનો નિર્ણય કર્યો છે, એટલે ઓળખાણ પૂર્વકની નિઃશંકતાની આ વાત છે. ઓળખ્યા વગર માની લેવાની આ વાત નથી. જીવ શું, અજીવ શું, વગેરે તત્ત્વો તો અરિહંતદેવે કહ્યા તે પ્રમાણે પોતે સમજીને તેની નિઃશંક શ્રદ્ધા કરે; અને કોઈ સૂક્ષ્મ તત્ત્વ ન સમજાય તે વિશેષ સમજવા માટે જિજ્ઞાસાથી પ્રશ્નરૂપ શંકા કરે, તેથી કાંઈ તેને જિનવચનમાં સંદેહ નથી. સર્વજ્ઞકથિત જૈનશાસ્ત્રોમાં કહ્યું છે તે સાચું હશે કે અત્યારના વિજ્ઞાનીઓ કહે છે તે સાચું હશે! –એવો સંદેહ ધર્મીને રહેતો નથી. અહા, જેને સર્વજ્ઞસ્વભાવ પ્રતીતમાં આવ્યો, પરમ અતીન્દ્રિય વસ્તુ પ્રતીતમાં આવી તેને સર્વજ્ઞના કહેલા તત્ત્વો–છ દ્રવ્યો, ઉત્પાદ–વ્યય–ધ્રુવ, દ્રવ્ય–ગુણ–પર્યાય વગેરે (ભલે તે બધા પોતાને પ્રત્યક્ષ ન થાય છતાં) તેમાં શંકા ન હોય. નિશ્ચયમાં પોતાના જ્ઞાનસ્વભાવરૂપ આત્માની પરમ નિઃશંકતા છે, ને વ્યવહારમાં દેવ–ગુરુ–ધર્મમાં નિઃશંકતા છે. જૈનધર્મ એક જ સાચો હશે કે જગતમાં બીજા ધર્મો કહેવાય છે તે પણ સાચાં હશે!–એવી જેને શંકા છે તેને તો સ્થૂળ મિથ્યાત્વ છે, તેને વ્યવહારધર્મની નિઃશંકતા પણ નથી. વીતરાગી જૈનધર્મ સિવાય બીજા કોઈ માર્ગની માન્યતા તો ધર્મીને રૂંવાડેય ન હોય.

જેમ માતાના ખોળામાં બાળક નિઃશંક છે કે આ માતા મારું હિત કરશે; તેને શંકા નથી કે કોઈ મારશે તો માતા મને બચાવશે કે નહિં? તેમ જિનવાણી માતાની ગોદમાં ધર્મી નિઃશંક હોય છે કે આ જિનવાણી મને સત્ય સ્વરૂપ બતાવીને મારું હિત કરનારી છે, સંસારથી તે મારી રક્ષા કરશે. આવી જિનવાણીમાં તેને સંદેહ પડતો નથી. પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા, તેમણે કેવળજ્ઞાનમાં વીતરાગભાવે આખા વિશ્વને સાક્ષાત્ જોયું, તે પરમાત્માને ઓળખીને તેમાં નિઃશંક થવું, ને તેમણે કહેલા માર્ગમાં તથા તેમણે કહેલા તત્ત્વોમાં નિઃશંક થવું, તે નિઃશંકતા ગુણ છે.

રત્નકરંડશ્રાવકાચારમાં સમન્તભદ્રસ્વામીએ આ સમ્યક્ત્વના આઠ અંગના પાલનમાં પ્રસિદ્ધ આઠ જીવોનું ઉદાહરણ આપ્યું છે; તેમાં નિઃશંકિતઅંગમાં અંજન ચોરનું દ્રષ્ટાંત આપ્યું છે. (આઠ અંગની આઠ કથાઓ 'સમ્યક્ત્વકથા' નામના પુસ્તકમાં, અથવા તો સમ્યગ્દર્શન ભાગ ચોથામાં આપ વાંચી શકશો.) સમજાવવા માટે એકેક અંગનું જુદુંજુદું દ્રષ્ટાંત આપ્યું છે, બાકી તો સમ્યગ્દ્રષ્ટિને એક સાથે આઠ અંગનું પાલન હોય છે. પ્રસંગઅનુસાર તેમાંથી કોઈ અંગને મુખ્ય કહેવાય છે.

## 卐 ૨. નિઃકાંક્ષા-અંગનું વર્ણન 卐

ધર્મીજીવો ધર્મદ્વારા ભવસુખની વાંછા કરતા નથી; એટલે પુણ્યને કે પુણ્યના ફળને તે ચાહતા નથી; શુભરાગથી મને સ્વર્ગાદિ સુખ મળો એવી વાંછા તે ભવસુખની વાંછા છે, તેવી વાંછા અજ્ઞાનીને હોય છે. જ્ઞાનીએ તો પોતાના આત્માને જ સુખસ્વરૂપે અનુભવ્યો છે એટલે હવે બીજે ક્યાંય સુખબુદ્ધિ તેને રહી નથી; તેથી તે નિષ્કાંક્ષ છે. સમ્યગ્દ્રષ્ટિ નિઃકાંક્ષગુણવડે ભવસુખની વાંછાને નષ્ટ કરે છે. 'ભવસુખ' એમ અજ્ઞાનીની ભાષાથી કહ્યું છે; ખરેખર ભવમાં સુખ છે જ નહિ, પણ અજ્ઞાની દેવાદિના ભવમાં સુખ માને છે, આત્માના સુખની તો તને ખબર નથી. અરે, સમ્યગ્દ્રષ્ટિ તો આત્માના સુખને અનુભવનાર, મોક્ષનો સાધક! તે સંસાર–ભોગોને કેમ ઇચ્છે? જેના વેદનથી અનાદિકાળથી દુઃખી થયો તેને જ્ઞાની કેમ ઇચ્છે? ભવ–તન–ભોગ એ તો તેને અનાદિકાળની એંઠ જેવા લાગે છે, અનંતવાર જીવ તેને ભોગવી ચુક્યો પણ સુખનો છાંટોય તેમાંથી ન મળ્યો.

ધર્મનું પ્રયોજન શું? ધર્મનું પ્રયોજન, ધર્મનું ફળ તો આત્મસુખની પ્રાપ્તિ થાય –તે છે; ધર્મનું ફળ કાંઈ બહારમાં નથી આવતું. જેણે આત્માના સુખનો સ્વાદ જાણ્યો નથી તેને ઊંડે ઊંડે સંસાર ભોગની ચાહના પડી છે, તથા તેના કારણરૂપ પુણ્યની ને શુભરાગની રુચિ પડી છે, તેને સાચું નિઃકાંક્ષપણું હોતું નથી. ભલે રાજ–પાટ–ઘર–કુટુંબ છોડીને ત્યાગી થયો હોય પણ જ્યાંસુધી રાગથી ભિન્ન ચૈતન્યરસ ચાખ્યો (અનુભવ્યો) નથી ત્યાંસુધી તેને સંસાર ભોગની વાંછા પડી જ છે. અને સમ્યગ્દ્રષ્ટિ જીવ રાજ–પાટ–ઘર–કુટુંબાદિ સંયોગમાં વર્તતો હોય, તે પ્રકારનો રાગ પણ વર્તતો હોય, છતાં અંતરમાં તે બધાયથી પાર પોતાના ચૈતન્યરસનો આનંદ ચાખ્યો છે તેથી તેને તેમાં ક્યાંય સ્વપ્નેય સુખબુદ્ધિ નથી; એટલે રાગ હોવા છતાં શ્રદ્ધાના બળે તેને નિઃકાંક્ષપણું જ વર્તે છે. ધર્મીની આ કોઈ અલૌકિક દશા છે, જે અજ્ઞાનીને ઓળખાતી નથી.

લોકો કહે છે કે આપણે ધર્મ કરશું તો પૈસા વગેરે મળશે ને સુખી થશું–એને તો ધર્મની ખબર નથી ને સુખનીયે ખબર નથી. એ તો શુભરાગને–પુણ્યને ધર્મ માને છે, ને તેના ફળમાં પૈસા વગેરે મળે તેમાં સુખ માને છે; એનાથી ભિન્ન આત્માના અસ્તિત્વની તો તેને ખબર જ નથી. અરે ભાઈ! ધર્મના ફળમાં કાંઈ પૈસા ન મળે. પૈસા વગેરે મળવા તે કાંઈ ધર્મનું પ્રયોજન નથી; ધર્મનું પ્રયોજન તો આત્માનું સુખ મળે તે છે; અને તે સુખમાં કાંઈ પૈસા વગેરેની જરૂર પડતી નથી. એ તો સંયોગ વગરનું સ્વાભાવિક સુખ આત્મામાંથી જ ઉત્પન્ન થાય છે. આવા સુખને જે જાણે તેને સંસારમાં બીજા કોઈની પણ વાંછા રહે નહીં, –ક્યાંય સુખબુદ્ધિ થાય નહીં.

ધર્મીને ધર્મની સાથેના રાગને લીધે પુણ્ય બંધાય ને તે પુણ્યના ફળમાં બહારનો વૈભવ મળે, પણ ધર્મીને તેની વાંછા નથી, તેનાથી તો તે પોતાના આત્માને અત્યંત ભિન્ન જાણે છે. ધર્મના ફળમાં પુત્ર મળે, પૈસા મળે–એવી વાંછા ધર્મીને નથી. ધર્મી જીવ દેવ–ગુરુ પાસેથી લૌકિકહેતુની આશા રાખે નહિ. શુભરાગ હોય ને વેપાર–લગ્ન–વાસ્તુ વગેરે પ્રસંગે ભગવાનને યાદ કરે તે જુદી વાત છે, તેમાં કાંઈ ભવસુખની વાંછા ધર્મીને નથી. જે સર્વજ્ઞનો ભક્ત થયો તેને સંસારની વાંછા હોય નહિ. રાગનો એક કણિયો પણ મારા જ્ઞાનમાં નથી–એમ જાણનાર જ્ઞાની તે રાગના ફળને કેમ વાંછે? મોક્ષરૂપ જે પરમસુખ તે સિવાય બીજી કોઈ આશાથી તે ધર્મ સેવે નહિ. ધર્મનું ફળ તો વીતરાગી સુખ છે, બાહ્યવૈભવ કે ઇન્દ્રાદિ પદ તે કાંઈ ધર્મનું ફળ નથી, તે તો રાગનું

–વિકારનું ફળ છે. તે પુણ્યરૂપ ધર્મને અજ્ઞાની ઇચ્છે છે તેથી તે ભોગહેતુધર્મને સેવે છે– એમ કહ્યું છે; રાગ વગરના શુદ્ધઆત્માના અનુભવરૂપ મોક્ષહેતુધર્મની તેને ખબર નથી.

અંતરના અનુભવમાં પોતાના ચૈતન્ય–પરમદેવને સેવનાર ધર્મી જાણે છે કે મારો આ ચૈતન્ય–ચિંતામણિ આત્મા જ મને પરમ સુખ દેનાર છે. એના સિવાય હું બીજા કોને વાંછું? અરે, સ્વર્ગનો દેવ આવે તોય મારે એની પાસેથી શું લેવું છે? અજ્ઞાનીને તો સ્વર્ગનો દેવ આવવાની વાત સાંભળે ત્યાં ચમત્કાર લાગે છે ને તેના મહિમા આડે ધર્મને ભૂલી જાય છે; કેમકે એને પોતાને સ્વર્ગાદિના ભોગની વાંછા છે. અરે, મૂર્ખ લોકો તો ભોગની વાંછાથી સર્પ–વાંદરા વગેરે હિંસક પ્રાણીઓને પણ દેવ–દેવીરૂપે પૂજે છે. જુઓને, જૈન નામ ધરાવનારા પણ ઘણા લોકો ભોગની વાંછાથી–પુત્રાદિની વાંછાથી અનેક દેવ–દેવલાંને પૂજે છે.–મૂરખને તે કાંઈ વિવેક હોય? ભગવાનનો સાચો ભક્ત પ્રાણ જાય તોપણ ખોટા દેવ–દેવલાને પૂજે નહીં, માને નહીં. કોઈ કહે–માંગળિક સાંભળશું તો પૈસા મળશે, –પણ ભાઈ! જૈનોનું માંગળિક એવું ન હોય; જૈનોનું માંગળિક તો મોક્ષ આપે એવું હોય. માંગળિકના ફળમાં પૈસા મળવાની આશા ધર્મી રાખે નહીં. એ રીતે ધર્મી નિષ્કાંક્ષ ભાવથી ધર્મને સેવે છે.

**પ્રશ્નઃ**- વેપાર વગેરેમાં પૈસા મળે એવી વાંછા તો ધર્મીને પણ હોય છે, તો તેને નિષ્કાંક્ષપણું ક્યાં રહ્યું?

**ઉત્તરઃ**- તેને હજી તે પ્રકારનો અશુભરાગ છે; પણ આ રાગથી કે પૈસામાંથી મને સુખ મળશે–એવી મિથ્યાબુદ્ધિરૂપ વાંછા તેને નથી. રાગ અને સંયોગ બંનેથી પાર મારી ચેતના છે, તેમાં જ મારું સુખ છે, એમ જાણનાર ધર્મી તે ચેતનાના ફળમાં બાહ્યસામગ્રી વાંછતો નથી, તેથી તે નિષ્કાંક્ષ છે.

તે ધર્માત્મા ઇન્દ્રપદ કે ચક્રવર્તીપદના વૈભવને ભોગવતો દેખાય છતાં તેને વિષય–ભોગોનો રંચમાત્ર આદર નથી. અરે, અમે અતીન્દ્રિય આનંદના પિંડલા, જગતમાં ક્યાંય અમારો આનંદ છે જ ક્યાં? તેથી તો કહ્યું છે કે–

चक्रवर्तीकी संपदा, इन्द्र सरीखे भोग।
काकवीठ सम गिनत हैं सम्यग्दृष्टि-लोग।।

(ઇન્દોર હુકમચંદજી શેઠના જિનમંદિરમાં પણ આ દોહરો છે.)

વિષયો તરફના વિકલ્પને ધર્મી જીવ દુઃખ અને જેલ સમાન ગણે છે, એમાં સુખ–

બુદ્ધિ નથી એટલે તેની વાંછા નથી. ઉત્તમ વસ્તુ ખાતા–પીતા દેખાય, સ્ત્રી–પુત્રાદિ વચ્ચે દેખાય, તેથી કરીને ધર્મી તેમાં સુખ માનતા હશે ?–ના, એમ બિલકુલ નથી. આનંદસ્વરૂપ મારો આત્મા જ છે, પરમાં સુખ જરાય નથી–એવા નિઃશંક ભાનમાં વર્તતા ધર્માત્મા દેવલોકના સુખનેય વાંછતા નથી.–એમાં સુખ છે જ નહીં પછી વાંછા શેની ? ચૈતન્યના અતીન્દ્રિય આનંદની પાસે સ્વર્ગના વૈભવની શી ગણતરી ? ઇન્દ્રના વૈભવમાં તે સુખની ગંધ પણ નથી. ( સમ્યગ્દષ્ટિ–ઇન્દ્રને આત્માનું સુખ હોય છે તે જુદી વાત છે, પણ બહારના વૈભવમાં તો તેની ગંધ પણ નથી, ને તે ઇન્દ્ર પોતે તેમાં સુખ માનતા નથી. )

અજ્ઞાની બહારથી ભલે વિષયોનો ત્યાગી હોય છતાં અભિપ્રાયમાં તેને વિષયોની વાંછા છે, કેમકે રાગમાં સુખબુદ્ધિ છે. જેણે ચૈતન્યનું ઇન્દ્રિયાતીત સુખ નથી દેખ્યું તેને ઊંડે ઊંડે રાગમાં ને વિષયોમાં સુખબુદ્ધિ પડી જ છે; જો તેમાં તેને મીઠાશ ન હોય તો તેનાથી પાછો વળીને ચૈતન્યસુખમાં કેમ ન આવે ? એણે ચૈતન્યપણું દેખ્યું નથી ને ઇન્દ્રિયવિષયોમાં સુખબુદ્ધિ છે તેથી તેને સાચું નિઃકાંક્ષપણું હોતું નથી. ભલે સીધી રીતે તે વિષયોની અભિલાષા ન કરે પણ અંદર અભિપ્રાયમાં તો વિષયોની આકાંક્ષા પડી જ છે.

અને, સમ્યગ્દષ્ટિ તો સિદ્ધનો પુત્ર થઈ ગયો; તે તો અખંડ એક જ્ઞાયકસ્વભાવની અનુભૂતિ કરીને જીતેન્દ્રિય થઈ ગયો. આત્મા સિવાય જગતમાં ક્યાંય તેને સુખબુદ્ધિ નથી. પાંચઇન્દ્રિયસંબંધી વિષયોની વૃત્તિ આવે તેથી તેમાં તે સુખ માનતા હશે–એમ બિલકુલ નથી; અંદરના અનાકુળ આનંદની જ ભાવના છે. અહા, ધર્મીની ચેતનાના ખેલ તો ધર્મી જ જાણે છે. અજ્ઞાની ઉપરટપકે જોઈને ધર્મીનું સાચું માપ કાઢી શકે તેમ નથી. ધર્મીના અંતર–હૃદય બહારથી દેખાય તેવા નથી. ધર્મી જાણે છે કે મારો ધર્મ તો મારામાં છે, તેનું ફળ કાંઈ બહારમાં ન આવે. બહારનાં પુણ્યફળ તે તો કમોદના ઉપરનાં ફોતરાં જેવા છે, લોકો તો તેને જ દેખે છે, અંદરના ખરા વીતરાગી કસને લોકો દેખતા નથી. ધર્મના બદલામાં લૌકિકફળને ધર્મી ઇચ્છતા નથી, દુનિયાને દેખાડવા માટે તે ધર્મ કરતા નથી. ધર્મીનો ધર્મ તો પોતાના આત્મામાં જ સમાય છે ને તેનું ફળ પણ આત્મામાં જ આવે છે.

કોઈ દેવ આવીને સેવા કરે તો ધર્મી તેનાથી લલચાય નહિ, ને કોઈ દેવ આવીને

ત્રાસ આપે, પૈસા વગેરે ઉપાડી જાય, તો તેનાથી ડરીને ધર્મી પોતાનો ધર્મ છોડે નહિ; ધર્મબુદ્ધિથી એવા કોઈ દેવને તે માનતા નથી. હું ધર્મ કરું તેથી સ્વર્ગનો કોઈ દેવ પ્રસન્ન થઈને મને લાભ કરી દેશે–એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી, સર્વજ્ઞ–વીતરાગ અરિહંતદેવ સિવાય બીજા કુદેવો પાસે તે કદી માથું ઝુકાવતા નથી. હું વીતરાગતાનો સાધક, તો વીતરાગ સિવાય બીજાને દેવ માનું નહીં. ચૈતન્યના વીતરાગ સ્વભાવ સિવાય પુણ્યની પણ જ્યાં વાંછા નથી (ધર્મી ન ઇચ્છે પુણ્યને) ત્યાં બહારના પાપ–ભોગોની શી વાત? જુઓ તો ખરા, આ તો બધું સમ્યગ્દર્શન સાથેના વ્યવહારમાં આવી જાય છે. સમ્યગ્દર્શનની નિશ્ચયઅનુભૂતિની તો શી વાત!

અરે, લોકો તો બહારના સાધારણ ચમત્કારમાં મોહી પડે છે. પણ એવો ચમત્કાર તો હલકો અભવ્યદેવ પણ બતાવી શકે. તેમાં આત્માનું હિત શું છે? ધર્મી તો જાણે છે કે સર્વજ્ઞતા ને વીતરાગતા તે જ મારા ભગવાનનો ખરો ચમત્કાર છે; એ સિવાય બહારના બીજા કોઈ ચમત્કાર માટે તે ભગવાનને માને નહિ. બહારના સંયોગનું આવવું–જવું તો પુણ્ય–પાપ અનુસાર બન્યા કરે છે, ધર્મની સાથે એને શું સંબંધ છે? ધર્મી જીવ એવી બહારની આકાંક્ષા કરતા નથી. જ્યાં રાગથી ભિન્ન આત્માના આનંદને પોતામાં દેખ્યો ત્યાં ભવસુખની વાંછા ક્યાંથી રહે? ભવ કહેતાં સંસારની ચારેગતિ આવી ગઈ, સ્વર્ગ પણ તેમાં આવી ગયું, એટલે દેવગતિના સુખનેય ધર્મી વાંછે નહીં. આવું સમ્યગ્દ્રષ્ટિનું નિઃકાંક્ષા અંગ છે. (આ નિઃકાંક્ષા અંગના પાલનમાં સતી અનંતમતીનું ઉદાહરણ પ્રસિદ્ધ છે; તે 'સમ્યક્ત્વકથા' વગેરેમાંથી જાણી લેવું.) આ રીતે સમ્યગ્દ્રષ્ટિના આઠ ગુણમાંથી બીજો ગુણ કહ્યો.

**(વિશેષ આવતા અંકે)**

અહા, સ્વાનુભૂતિરૂપ આ માર્ગ, એ તો અનંત આનંદને આપનારો માર્ગ છે. અનંત આનંદનો માર્ગ તો આવો અદ્ભુત જ હોય ને! જગતને આવા માર્ગનું લક્ષ નથી એટલે બહારમાં રાગના સેવનને માર્ગ માની રહ્યા છે. બાપુ! તારો માર્ગ રાગમાં નથી; તારો માર્ગ તો તારા ચૈતન્યમાં સમાય છે. ચૈતન્યમાં અગાધ ગંભીર શાંતિ ને અનંત ગુણના ભંડાર ભર્યા છે, તેમાં જોતાં જ આનંદના દરિયા તને દેખાશે.

# મોક્ષનું ભજન

## ભવછેદક ભક્તિનું અદભુત વર્ણન

**( નિયમસાર ભક્તિ-અધિકારના પ્રવચનમાંથી, વીર સં. ૨૪૯૭, આસો )**

શુભરાગરૂપ ભક્તિ તે કાંઈ ભવછેદકભક્તિ નથી. સમ્યક્ત્વાદિ શુદ્ધ ભાવરૂપ વીતરાગભક્તિ તે જ ખરેખર ભવછેદક-ભક્તિ છે. એવી ભક્તિ વડે અંદરમાં ભગવાનના સાક્ષત્ ભેટા થાય છે. જેમાં ભગવાનના ભેટા ન થાય ને ભવદુઃખના ભેટા થાય એને તે ભક્તિ કોણ કહે? સમ્યક્ત્વાદિના ભજનમાં તો અંદર પોતાના પરમાત્મતત્ત્વની અનુભૂતિ છે, અનંતશાંતિનું વેદન છે, ચૈતન્યભગવાનનો સાક્ષાત્કાર છે.

- શ્રમણો અને શ્રાવકો શુદ્ધાત્માના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધનારૂપ જે ભક્તિ કરે છે તે મોક્ષની ભક્તિ છે, તે મોક્ષનો માર્ગ છે.

- નિજ પરમાત્મતત્ત્વનું ભજન એટલે શ્રદ્ધા–જ્ઞાન–આચરણ તે સાચી ભક્તિ છે.

- ચૈતન્યની આરાધના, ચૈતન્યનું ભજન તો ચૈતન્યભાવ વડે થાય, રાગવડે ન થાય.

- અરે જીવ! તારા આનંદમય સ્વભાવઘરને ચૂકીને તું દુઃખમય વનવાસમાં ક્યાં ચાલ્યો?

- સમ્યગ્દર્શન તે ધર્મભક્તિ છે, સમ્યગ્જ્ઞાન પણ ધર્મભક્તિ છે, ને સમ્યક્ચારિત્ર તે પણ ધર્મભક્તિ છે; તે ત્રણેમાં શુદ્ધ રત્નત્રયપરિણામોનું સેવન છે, તેમાં ક્યાંય રાગ નથી. શુદ્ધ રત્નત્રયપરિણામોનું આવું ભજન એટલે કે આરાધના તે મોક્ષનો માર્ગ છે, તે મોક્ષની ભક્તિ છે. આવી ભક્તિ જે કરે છે તે જીવ નિરંતર ભક્ત છે–ભક્ત છે.

- આવી રત્નત્રયભક્તિ કેમ થાય? શું શુભરાગવડે આવી ભક્તિ થાય? તો કહે છે કે ના; પોતાનું જે પરમ આત્મતત્ત્વ, તેમાં ઊંડે ઊતરીને, તેના સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન –આચરણરૂપ જે શુદ્ધપરિણામ, તે જ સાચી ભક્તિ છે; આવી ભક્તિનું ફળ મુક્તિ છે.

- અહા ! અનંત અતીન્દ્રિય આનંદ, ને અનંત અતીન્દ્રિયજ્ઞાન, એવા અનંત ભાવો જેમાં ભરેલા છે એવા પોતાના આત્માની સન્મુખ થઈને જે વીતરાગી શ્રદ્ધા વગેરે પરિણામ પ્રગટયા તે જ આરાધનારૂપ ભક્તિ છે. આમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે આવી ગયા, ને મોક્ષમાર્ગ પણ આવી ગયો.

- શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય એવા ત્રણ ભાવોમાં આત્મા છે, આત્માનું આવું અદ્ભુત અલૌકિક સ્વરૂપ, ભગવાન જિનેન્દ્રદેવના માર્ગમાં જ પ્રકાશ્યું છે. પ્રભુ ! તું પોતે ભગવાન છો ! તું તારા આત્માનું જ ભજન કર. તને ભજતાં તારી મુક્તિ થશે.

- પરનું શરણ આત્માને નથી; પરના ભજનનો શુભવિકલ્પ તે પણ આત્માને શરણ નથી; શરણ તો પોતાના આત્માના આશ્રયે જે નિર્વિકલ્પદશા પ્રગટી તે જ છે. આત્માની નિર્વિકલ્પ અનુભૂતિમાં જે શુદ્ધપરિણામ થયા તેનું ભજન, એટલે વારંવાર તેનું સેવન તે આરાધના છે, તે ભક્તિ છે, તે મુક્તિની દાતાર છે. શ્રી જિનવર ભગવાને મોક્ષને માટે શ્રાવકોને તેમજ શ્રમણોને આવી વીતરાગી ભક્તિનો ઉપદેશ દીધો છે. શ્રાવકોને પણ શુદ્ધ પરમાત્મતત્ત્વની સન્મુખતાવડે શુદ્ધ પરિણતિરૂપી આરાધના–ભક્તિ નિરંતર વર્તે છે, તેથી તે ભક્ત છે–ભક્ત છે, એટલે કે તે પણ મોક્ષના આરાધક છે.

- ભાઈ, તારે તારી દશા ફેરવવી હોય તો તારી રુચિની–જ્ઞાનની દિશા પલટાવવી પડશે; પરસન્મુખતા છોડીને તારા બધાય પરિણામોને સ્વસન્મુખ કરવા પડશે. અહો ! હું જ પરમાત્મતત્ત્વ, અચિંત્ય અનંત ભાવોનો ભંડાર છું–એમ પરમ મહિમા લાવીને સ્વવસ્તુમાં પરિણામને જોડ, તેમાં જ શુદ્ધ રત્નત્રયની આરાધના થશે. આ સિવાય બહારમાં દેવ–ગુરુ–શાસ્ત્ર વગેરેની ભક્તિમાં ઉપયોગ જોડીને તે શુભરાગથી મુક્તિ થવાનું કોઈ માને તો ભગવાન કહે છે કે તે સાચો ભક્ત નથી, તે મુક્તિનો આરાધક નથી.

- શુભરાગરૂપ ભક્તિ તે કાંઈ ભવછેદક ભક્તિ નથી; સમ્યક્ત્વાદિ શુદ્ધભાવરૂપ વીતરાગી ભક્તિ તે જ ખરેખર ભવછેદક–ભક્તિ છે. એવી ભક્તિવડે અંદરમાં ભગવાનના સાક્ષાત્ ભેટા થાય છે. જેમાં ભગવાનના ભેટા ન થાય ને ભવદુઃખના ભેટા થાય એને તે ભક્તિ કોણ કહે ? સમ્યક્ત્વાદિના ભજનમાં તો અંદર પોતાના પરમાત્મતત્ત્વની અનુભૂતિ છે, અનંત શાંતિનું વેદન છે, ચૈતન્યભગવાનનો સાક્ષાત્કાર છે.

- અહા, સ્વાનુભૂતિરૂપ આ માર્ગ, એ તો અનંત આનંદને આપનારો માર્ગ છે. અનંત

આનંદનો માર્ગ તો આવો અદ્‌ભુત જ હોય ને! જગતને આવા માર્ગનું લક્ષ નથી એટલે બહારમાં રાગના સેવનને માર્ગ માની રહ્યા છે. બાપુ! તારો માર્ગ રાગમાં નથી; તારો માર્ગ તો તારા ચૈતન્યમાં સમાય છે. ચૈતન્યમાં અગાધ ગંભીર શાંતિ ને અનંત ગુણના ભંડાર ભર્યા છે, તેમાં જોતાં જ આનંદના દરિયા તને દેખાશે.

- શરીર તો કરોડો રોગોનું ઘર છે, તેમાં ક્યાંય શાંતિ નથી; ને આ ચૈતન્યપ્રભુ આત્મા અનંત આનંદનું ધામ છે, તેમાં ક્યાંય રોગનું કે અશાંતિનું નામનિશાન નથી. આવા ચૈતન્યની સેવા કર. ભાઈ, શરીરની તો સેવામાં અનંતા ભવ વીતાવ્યા ને દુઃખી જ થયો; તો હવે આ ભવમાં તો શરીરાદિથી ભિન્ન ચૈતન્યતત્ત્વની સેવા કર, કે જેથી અનંતભવનું તારું દુઃખ મટી જશે ને આત્માની પરમ શાંતિનું તને વેદન થશે, મોક્ષના ભણકાર તારા આત્મામાં આવી જશે.

- જે જીવો મુક્ત થયા તેઓ કોને ભજીને મુક્ત થયા? –કે પરમાત્માને ભજીને મુક્ત થયા. કયાં પરમાત્મા? અંતરમાં શુદ્ધ જ્ઞાનમય કારણપરમાત્મા એવો જે પોતાનો આત્મા, તે પરમાત્માને સમ્યક્ રત્નત્રયપરિણતિ વડે ભજીને તે જીવો સિદ્ધ થયા. તું પણ સિદ્ધિને માટે તારા પરમ આત્મતત્ત્વને સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રવડે અભેદપણે ભજ.

- આ રીતે રત્નત્રયવડે સિદ્ધપદને સાધનારો મુમુક્ષુ જીવ, બીજા સિદ્ધભગવંતોના પણ શુદ્ધ ગુણોને ઓળખીને તેમની પરમભક્તિ કરે છે, તે વ્યવહાર–ભક્તિ છે. જુઓ, આમાં પણ શુદ્ધ ગુણોની ઓળખાણ સહિતની જ વાત લીધી છે. ‘કારણપરમાત્માને અભેદ રત્નત્રયવડે આરાધીને જ તેઓ સિદ્ધ થયા’ એમ ઓળખીને તેમની ભક્તિ કરે છે; પણ ‘આ ભક્તિના શુભ રાગવડે સિદ્ધપદ પમાશે’ –એમ તે મુમુક્ષુ માનતો નથી. આવી ઓળખાણપૂર્વક જેટલી શુદ્ધરત્નત્રય–વીતરાગ પરિણતિ થઈ તેટલી નિશ્ચયભક્તિ છે, તે મુક્તિનું કારણ છે; તેની સાથે પંચપરમેષ્ઠીના શુદ્ધ ગુણોની ઓળખાણ સહિતની ભક્તિ તે વ્યવહારભક્તિ છે. ધર્મી શ્રાવકને તેમજ શ્રમણોને આવી બંને પ્રકારની ભક્તિ હોય છે. તેઓ ઉદયભાવોથી જ્ઞાનચેતનાને અત્યંત જુદી અનુભવે છે, દુઃખથી અત્યંત રહિત એવા આનંદથી તેમનું ચિત્ત ભરેલું છે. સમ્યક્ત્વાદિ જે ભાવો ધર્મીને પ્રગટયા છે તેમાં ભવનો અભાવ છે, દુઃખનો અભાવ છે, ઉદયભાવોનો અભાવ છે. આવી આનંદમય શાંત–ચેતનાવડે ધર્મીજીવ પોતાના પરમાત્મતત્ત્વને ભજતો–ભજતો મુક્તિને સાધે છે, તેથી તે જીવ ભક્ત છે–ભક્ત છે.

- પરમાત્માને દુઃખ નહીં તેમ પરમાત્માની સાધક પર્યાયમાં પણ દુઃખ નહીં. જે પર્યાય પરભાવથી પાછી વળીને પરમાત્મતત્ત્વમાં પ્રવેશી–તેમાં દુઃખ કેવું? એ તો આનંદના અનંત સાગરમાં લીન થઈ ગઈ. અંતર્મુખ પરમાત્મતત્ત્વનો આનંદ અંતર્મુખ ભાવથી જ પમાય છે, તેમાં બહિર્મુખ ભાવનો અભાવ છે. જે પરિણામમાં પોતાના ચૈતન્ય પરમાત્માનો ભેટો થયો તે પરિણામ વીતરાગી જૈનશાસન છે, તે જ નિશ્ચયભક્તિ છે, તે જ મુક્તિમાર્ગ છે. વાહ રે વાહ! સંતોએ અંતરના માર્ગ સુગમ કરી દીધા છે.

- અંતરમાં ઊતરવું તે એક જ શાંતિનો માર્ગ છે–એવો દ્રઢ નિર્ણય કર્યા વગર પરિણામનું બહારમાં ભટકવું મટશે નહીં. મારો આત્મા જ પરમ તત્ત્વ ઉત્કૃષ્ટ શાંતિનું ધામ છે, –એમ પોતાના તત્ત્વનો કોઈ અદ્ભુત અચિંત્ય મહિમા જાણીને તેમાં પરિણામ જોડતાં પરમ શાંતિ વેદાય છે. આત્માનો આવો અદ્ભુત સ્વભાવ જેણે દેખ્યો તે જીવ પરભાવથી મુક્ત થયો; રાગાદિ ભાવોને પોતાની ચેતનાપરિણતિથી અત્યંત જુદા જાણ્યા; જેવા જગતના બીજા પદાર્થો ચેતનાથી બહાર છે તેવા જ રાગાદિભાવો પણ ચેતનાથી બહાર છે. આવી ચેતનાપરિણતિ તે જ પરમાત્મતત્ત્વની ભક્તિ કરતી–કરતી (એટલે કે તેમાં એકાગ્ર થતી હતી) આનંદથી મોક્ષને સાધે છે.

## ઊંધાભાવ છોડીને આનંદધામમાં આવ

રે જીવ! આ જરાક દુઃખ પણ તારાથી સહન નથી થતું, તો આના કરતાં મહાન દુઃખો જેનાથી ભોગવવા પડે એવા અજ્ઞાનમય ઊંધા ભાવોને તું કેમ સેવી રહ્યો છે?

જો તને દુઃખનો ખરો ભય હોય તો તે દુઃખના કારણરૂપ એવા મિથ્યાત્વાદિ ઊંધા ભાવોને તું શીઘ્ર છોડ... ને આનંદધામ એવા નિજસ્વરૂપમાં આવ.

જ્ઞાની સંતો પાસે આવ... તે તને તારું આનંદધામ દેખાડશે.

# આત્મા સમીપ છે

## 卐 ધર્મીને એક્કેય પર્યાયમાં આત્મા દૂર નથી 卐

જે સાંભળતાં મુમુક્ષુને પ્રમોદ થાય એવા ‘ભાવિ તીર્થાધિનાથ’ નું ઉદાહરણ આપીને શુદ્ધદ્રષ્ટિવંત જીવનું સ્વરૂપ સમજાવતાં મુનિરાજ કહે છે કે–અહો, ભાવિ તીર્થાધિનાથને પોતાના સમસ્ત પરિણામમાં પોતાનો શુદ્ધ આત્મા સમીપ જ વર્તે છે; શુદ્ધાત્માની સન્મુખતાથી તે અભિરામ છે–સુંદર છે. જ્યાં આત્માની સમીપતા નથી ત્યાં સુંદરતા નથી–સુખ નથી. ભાઈ, તારે સમ્યગ્દર્શન–જ્ઞાન –આનંદ પ્રગટ કરવા હોય તો તું પણ તીર્થાધિનાથની જેમ અંતરમાં તારા આત્માની સમીપ જા...

( વીર સં. ૨૪૯૭ આસો સુદ ૯–૧૦–૧૧; નિયમસાર ગા. ૧૨૭ કલશ ૨૧૨ )

અહો, શુદ્ધ ચૈતન્યસ્વભાવી મારો આત્મા, તેમાં મને શુદ્ધ જ્ઞાન–આનંદનો જ પરિચય છે, તેમાં ભવનો પરિચય નથી, ભવના કારણરૂપ કોઈ વિભાવો સાથે મારા ચેતનસ્વભાવને પરિચય નથી, સંબંધ નથી. મારી આત્મઅનુભૂતિમાં મારી શાંતિ ને આનંદના અનંતા ભાવો ભરેલા છે, પણ રાગાદિ પરભાવો તો તેમાં જરા પણ નથી. અંતરમાં આત્માના આવા સ્વભાવનો અભ્યાસ કરતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ને મોક્ષરૂપ પરિણમન થાય છે, પણ ભવરૂપ પરિણમન થતું નથી. પોતાના સમ્યક્ત્વાદિ સ્વભાવરૂપ પરિણમવું એ તો જીવનો સ્વભાવ જ છે. તે શુદ્ધપરિણામમાં આત્મા પોતે સમીપ છે. તેમાં રાગાદિની સમીપતા નથી, રાગાદિ તો તેનાથી દૂર છે, ને શુદ્ધસ્વભાવ તેમાં અત્યંત નજીક ( તન્મય ) છે. ( -અનુસંધાન પૃષ્ઠ ૨૫ )

# સુખદાયક મોક્ષદાયક સામાયિક

## પરમ આનંદમય, સ્વાનુભૂતિગમ્ય વિશાળ ગંભીર આત્મતત્ત્વ

(નિયમસાર કળશઃ ૨૧૯ આસો વદ ૭)

અરે, આ સંસારમાં અનાદિથી દુઃખી જીવને શાંતિ માટે એક પોતાનું પરમ–આનંદમય તત્ત્વ જ આશ્રયરૂપ છે; આવા તત્ત્વના ધ્યાનમાં જેની જ્ઞાનપરિણતિ પરિણમી છે તે જીવ અંતરમાં કોઈ વિશાળ ગંભીર તત્ત્વને પામે છે–કે જે અત્યંત શાંત છે, જેમાં દુઃખ કે અશાંતિનું નામ પણ નથી. –એવા જીવને સામાયિક કહેવામાં આવે છે.

અહા, મારું આનંદમય નિર્દોષ તત્ત્વ, તે મારામાં પ્રાપ્ત જ છે–એમ ધર્મી પોતાની બુદ્ધિને અંતરમાં જોડે છે; એટલે મારા આવા તત્ત્વની પ્રાપ્તિ માટે બીજા કોઈ રાગદિભાવોનું આલંબન નથી; તે રાગાદિ ભાવો તો મારા આનંદમય તત્ત્વથી દૂર–દૂર છે. આવા તત્ત્વને ધ્યાવતાં અંતરમાંથી પરમ આનંદ આવે છે, ને તે જ દુઃખથી મુક્ત થવાનો ઉપાય છે.

મારી પરિણતિ તો જ્ઞાન અને આનંદરૂપે થાય–એવો જ હું છું; બાકી રાગાદિની કોઈ વૃત્તિઓમાં મારો આત્મા પરિણમતો નથી. વિકલ્પના વેદનમાં આત્મા આવતો નથી; સમ્યગ્દર્શન અને આનંદ તેને જ થાય છે કે જે પોતાની બુદ્ધિને, પોતાના જ્ઞાનપરિણામને વિકલ્પથી પાર કરીને અંતરમાં પરમતત્ત્વમાં પરિણમાવે છે. આનંદમય આત્મા વિકલ્પને ગોચર નથી, એ તો શુદ્ધાત્માને આશ્રિત એવા પરિણામને જ ગોચર છે.

પરમ આનંદમય આત્મતત્ત્વ એવું કોઈ વિશાળ છે કે જે ગંભીર તત્ત્વ પોતાની સ્વાનુભૂતિરૂપ શુદ્ધ પરિણતિને જ ગમ્ય થાય છે, બીજી કોઈ રીતે તે ગમ્ય થતું નથી. અહા, સમ્યગ્દ્રષ્ટિની અંતર્પરિણતિમાં અનંતા સાગર જેટલા આનંદથી

ડોલતું આખું વિશાળ તત્ત્વ અનુભવમાં આવી ગયું છે. આવા મહાન તત્ત્વમાં, કે તેની અનુભૂતિમાં દુઃખનું તો કોઈ નામનિશાન નથી. દુઃખથી દૂર અને પરમ આનંદના સાગરથી ભરપૂર વિશાળ ગંભીર તત્ત્વ ધર્માત્માએ પોતામાં દેખી લીધું છે કે અહો! આ પરમતત્ત્વ હું જ છું. આ તત્ત્વ સ્વાનુભૂતિ વગર જગતના જીવોને મનથી કે વચનથી દૂર છે. પરમ શાંતરસમાં ડુબેલું આ તત્ત્વ વિકલ્પની અશાંતિમાં કેમ આવે? ચૈતન્યનો માર્ગ વિકલ્પથી દૂર છે. ચૈતન્યની ગતિ વિકલ્પથી ન્યારી છે. બાપુ! આવા તારા તત્ત્વનો કોઈ અચિંત્ય પરમ મહિમા છે તેને લક્ષમાં લે; તો તેના આશ્રયે એકાગ્રતા વડે નિર્વિકલ્પ આનંદમય પરમ વીતરાગી સમભાવરૂપ સામાયિક પ્રગટે. એ જ સામાયિક સુખદાયક ને મુક્તિદાયક છે.

પરમ આનંદનું ધામ આત્મા પોતે છે. તેમાં જે પરિણતિ ઢળી છે તે પરિણતિ ઉપશમાદિ શુદ્ધભાવરૂપ થયેલી છે, ને રાગાદિ ઉદયભાવોનો તેમાં અભાવ છે. રાગના અવલંબને તો આત્મધ્યાન થતું નથી, પણ જે ઉપશમાદિ પર્યાયો, તે પર્યાયોના અવલંબને પણ આત્મધ્યાન થતું નથી. આત્માના અખંડ સ્વભાવના અવલંબને તે ઉપશમાદિ નિર્મળ ભાવો પ્રગટી જાય છે. ક્ષાયિકશ્રદ્ધા પ્રગટી તે પર્યાયના અવલંબને બીજી ક્ષાયિકપર્યાય થતી નથી, તે-તે કાળે અંતરના શુદ્ધ સ્વભાવરૂપ પરમતત્ત્વના અવલંબને જ ક્ષાયિકભાવ સદા થયા કરે છે. એમાં રાગના કે પરના આલંબનની તો વાત જ નથી. માટે મોક્ષાર્થી જીવે અંતર્મુખ થઈને પોતાના એક સર્વોપરિ પરમતત્ત્વનું જ અવલંબન લેવું એટલે કે તેનું જ ધ્યાન કરવું. તે ધ્યાનમાં ભગવાનનો ભેટો થાય છે ને તેમાં બધું સમાય છે.

# ભાવિ-તીર્થાધિનાથનો મનોહર માર્ગ

( અનુસંધાન પૃષ્ઠ ૨૨ થી ચાલુ )

અરે જીવ! ધીરો થઈને તારા સ્વતત્ત્વને અંદર તપાસ તો ખરો. કેવું અદ્ભુત છે તારું ચૈતન્યત્વ! તારા ચૈતન્યતત્ત્વના અનુભવમાં તને ભવ વગરનું ચૈતન્યસુખ દેખાશે, ભવ અને ભવના કારણરૂપ સમસ્ત વિભાવ તો ચૈતન્યથી અત્યંત દૂર થઈ ગયા છે, –જુદા થઈ ગયા છે.

અહા, જે પર્યાય અંદરમાં ચૈતન્યસ્વભાવની સમીપ આવી, તે પર્યાય રાગની સમીપ કેમ જાય? જે પર્યાયમાં મોક્ષસુખનો અનુભવ થયો તે પર્યાયમાં ભવદુઃખનો પરિચય કેમ રહે? ધર્મી કહે છે કે મારા આત્મામાં ભવનો પરિચય નથી; ચિદાનંદ–સ્વભાવના પરિચયમાં સમતારૂપ સામાયિક છે, એટલે કે મોક્ષમાર્ગ છે, શાંતિનું વેદન છે.

ચૈતન્ય જેનો ચમત્કાર છે, અનંત ચૈતન્યભાવોથી જે ગંભીર છે એવું મારું પરમ તત્ત્વ સ્વાનુભૂતિમાં પ્રગટયું છે તે જયવંત છે. રાગાદિ ભાવોનો પરિચય તેમાંથી છૂટી ગયો છે.

હે જીવ! ચેતનાને જાગૃત કરીને એવો પુરુષાર્થ કર કે એક ક્ષણમાં અંદર ચિદાનંદ સ્વભાવમાં ઊતરી જા.... ને બધાય પરભાવોથી છૂટો પડી જા. શુદ્ધતારૂપ પરિણમવાનો તારો સ્વભાવ છે, ને તેનો આ અવસર છે. શુદ્ધતત્ત્વને જાણતાં શુદ્ધ પરિણમન થાય છે, તે જ સામયિક છે, તેમાં આત્માની પ્રાપ્તિ છે. પોતાના ટંકોત્કીર્ણ નિજ મહિમામાં લીન એવા શુદ્ધતત્ત્વને સમ્યગ્દ્રષ્ટિ સાક્ષાત્ જાણે છે. તીર્થંકરો–ગણધરો–મુનિવરો–સંતો તેમના હૃદયમાં જે સદા સ્થિત છે એવું પરમ મહિમાવંત ચૈતન્યતત્ત્વ મને પણ મારી અનુભૂતિમાં ગોચર થાય છે–એમ સમ્યગ્દ્રષ્ટિ અનુભવે છે. પોતે પોતાને પ્રત્યક્ષ થાય એવો જ મારો સ્વભાવ છે. આવા પોતાના આત્માને એકકોર મુકીને કદી કલ્યાણ થાય નહીં. પોતાનું મહાન તત્ત્વ કેવું છે–તેને જ્ઞાનમાં અત્યંત સમીપ કરીને, સ્વાનુભવગોચર કરીને અપૂર્વ કલ્યાણ થાય છે. આત્મા કાંઈ અગોચર વસ્તુ નથી, સમ્યગ્દ્રષ્ટિના સ્વાનુભવમાં તે આનંદસહિત ગોચર થાય છે.

ધર્માત્માના બધા નિર્મળ ભાવોમાં પોતાનો શુદ્ધઆત્મા જ સંનિષ્ઠ છે, –સ્વપર્યાયમાં આત્મા જ સમ્યક્પણે સ્થિત છે, પર્યાયે–પર્યાયે આત્મા જ તેને સમીપ વર્તે છે. તેની એક્કેય પર્યાયમાં આત્મા દૂર નથી પણ સર્વે પર્યાયોમાં આત્મા સમીપ જ

છે. રાગાદિભાવો તેને દૂર છે–જુદા છે, અરે જીવ! તારો આત્મા તારામાં જ અત્યંત નજીક, છતાં તેને દૂર સમજીને તેં રાગની ભાઈબંધી કરી. પણ રાગ તો તારા સ્વભાવથી દૂર છે; ચેતનમાં આત્માની જ સમીપતા છે ને રાગાદિક ભાવો દૂર છે; માટે અંતરંગ દ્રષ્ટિ વડે આત્માને જ સમીપ બનાવ. પરિણામને આત્મામાં તન્મય કરીને આનંદનો અનુભવ કર. આવો અનુભવ કરતાં સર્વે પરભાવો અલોપ થઈ જશે ને ભગવાન આત્મા પરમ આનંદ સહિત પ્રગટ થશે.

## 卐 ‘ચેતનાવંત’ જ્ઞાની.... તેની સાચી ભક્તિ 卐

ધર્માત્માને એક્કેય પર્યાયમાં આત્મા દૂર નથી; તેણે આત્મા સાથે પરિણતિનો દોર બાંધ્યો છે ને રાગ સાથેનો સંબંધ તોડયો છે. તેની ચેતનાની એક્કેય પર્યાય એવી નથી કે રાગમાં તન્મય થાય, તેની ચેતના રાગથી સર્વથા જુદી ને જુદી, ચૈતન્યભાવપણે જ વર્તે છે. –આવી ચેતનાને ઓળખે ત્યારે ધર્મીને ઓળખ્યા કહેવાય. જેમ કેવળજ્ઞાની ભગવાનની જ્ઞાનચેતના રાગથી સર્વથા જુદી છે તેમ સાધક ધર્માત્માની જે જ્ઞાનચેતના છે તે પણ રાગથી સર્વથા જુદી છે, પરભાવના કોઈ પણ કણિયાને તે પોતામાં ભેળવતી નથી; આવી ચેતનાસ્વરૂપે પોતાનું સ્પષ્ટ વેદન થાય ત્યારે ભેદજ્ઞાન થયું કહેવાય ને તે આત્મા જ્ઞાનચેતનારૂપ થઈને મોક્ષમાર્ગી થયો કહેવાય. રાગવડે જ્ઞાની ઓળખાતા નથી, જ્ઞાની જ્ઞાનચેતનાવડે ઓળખાય છે. એ જ રીતે જ્ઞાનસ્વરૂપ આત્મા રાગવડે નથી ઓળખાતો, જ્ઞાનચેતનાવડે જ ઓળખાય છે. આવી ઓળખાણ કરે ત્યારે જ્ઞાનીની સાચી ઓળખાણ થાય, ને ત્યારે સમ્યગ્દર્શનાદિ થાય.

## 卐 શાંતરસના કુંડમાં સ્નાનવડે ભવરોગનો નાશ 卐

આત્મા પોતાના પરમ આનંદરૂપી અદ્વિતીય અમૃતથી ગાઢ ભરેલો છે. આવા આત્માને આનંદ–ભક્તિથી ભરપૂર એવા પરમ શાંતરસરૂપી જળવડે સ્નાન કરાવો. બીજી કલ્પના–જાળનું શું કામ છે?

અહા, મારા ભગવાને જેવો આત્મા અનુભવીને પ્રગટ કર્યો તેવો આત્મા હું જ છું–એમ અંતરમાં સ્વસન્મુખ અનુભૂતિના આનંદમય ફૂવારા વડે આત્માને સ્નાન કરાવો, પ્રશમરસમાં આત્માને તરબોળ કરો. ચૈતન્યસમુદ્ર આત્મા છે તે પોતે પોતામાં જ મગ્ન થઈને પોતાના શાંત ચૈતન્યરસને પીએ છે, જેમ શરીરના રોગને દૂર કરવા

માટે લોકો માટે રાજગૃહી વગેરેના ઉના પાણીના કુંડમાં સ્નાન કરે છે, તેમ હે જીવ! આત્માના કષાયાદિ ભવરોગને દૂર કરવા માટે તું તારા અંતરમાં ભરેલા પરમ શાંત ચૈતન્યકુંડમાં સ્નાન કર... તારા બધા રોગ મટી જશે.

ધર્માત્મા જાણે છે કે હું મારી નિર્મળપર્યાયની સમીપમાં જાઉં છું. રાગથી હું દૂર જાઉં છું ને મારી ચેતનાપરિણતિમાં એકાગ્ર થાઉં છું.

શ્રીગુરુનો ઉપદેશ પણ આ જ છે કે તારા પરિણામમાં તારા ચૈતન્યસ્વભાવી આત્માને જ તું મુખ્ય રાખ; તેને જ સમીપ રાખ, ને એના સિવાય બીજા બધાયને દૂર રાખ. પોતામાં શુદ્ધ આત્મતત્ત્વની આનંદમય અનુભૂતિ થઈ તે જ પરમ ગુરુઓનો પ્રસાદ છે. અહો, પરમ ગુરુઓએ પ્રસન્ન થઈને અમને આવો શુદ્ધાત્માનો પ્રસાદ આપ્યો.... તેમના અનુગ્રહવડે અમને જે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ મળ્યો તેનાથી અમને સ્વસંવેદનરૂપ આત્મવૈભવ પ્રગટયો.

## 卐 ભાવિ તીર્થાધિનાથનું ઉદાહરણ આપીને સમજાવે છે- 卐

અહો, જે ભાવિતીર્થંકર છે, ભવભયને હરનારા છે અને રાગરહિત હોવાથી અભિરામ છે–સુંદર છે, એવા શુદ્ધ દ્રષ્ટિવંત ભાવિ તીર્થાધિનાથને પોતાના સમસ્ત સ્વસન્મુખ પરિણામમાં પોતાનો શુદ્ધ પરમ આત્મા જ ઊર્ધ્વ છે, તે જ મુખ્ય છે, તે જ સમીપ છે, તેથી તેમને સહજ સમતા સાક્ષાત્ વર્તે છે. ભાવિ–તીર્થનાયકના ઉત્કૃષ્ટ ઉદાહરણ વડે બધા સમ્યગ્દ્રષ્ટિ જીવોની શુદ્ધદ્રષ્ટિમાં કેવો શુદ્ધાત્મા વર્તે છે તે સમજાવ્યું છે. ધર્માત્માને બધાય પરિણામમાં પોતાનો નિરંજન કારણપરમાત્મા જ સદાય નજીક છે. પરમગુરુના પ્રસાદથી આવા કારણપરમાત્માને પોતે પ્રાપ્ત કર્યો છે–અનુભવ્યો છે. શ્રી ગુરુના ઉપદેશમાં જેવું શુદ્ધ આત્મસ્વરૂપ બતાવ્યું તેવું સમજીને પોતે પ્રગટ કર્યું એટલે નિર્મળપર્યાય પ્રગટ કરીને તેમાં પોતે સ્થિત થયો, રાગાદિ સમસ્ત પરભાવોથી જુદો થયો, દૂર થયો. આ રીતે ભાવિ–જિન ભગવંતો નિજસ્વભાવની સમીપ થયા ને પરભાવોથી પરાંગ્મુખ થયા, તેમને વીતરાગી સમતાભાવરૂપ સ્થિર સામાયિક સદાય છે; સામાયિક ભાવરૂપ પોતાની નિર્મળ દશામાં તે આત્મા સદાય સ્થિર રહે છે; તેથી ભગવાનના શાસનમાં તે આત્માને જ સામાયિક કહેલ છે.

અહા, જ્યાં પોતાનો શુદ્ધાત્મા સમીપ નથી, શુદ્ધઆત્મા જેની દ્રષ્ટિમાં આવ્યો નથી, તે આત્માને દૂર રાખીને, આત્માને ભૂલીને ગમે તે કરે પણ તેને શુદ્ધતા થતી

નથી, સામાયિક થતી નથી, ચારિત્ર થતું નથી, શ્રદ્ધા–જ્ઞાન પણ થતાં નથી. એક્કેય ધર્મ તેને હોતો નથી. આત્માને પોતાને પોતાનું સ્વજ્ઞેય બનાવ્યા વગરનું બધુંય થોથાં છે, એના બહારનાં જાણપણાં કે શુભઆચરણ તે કોઈ તેને શાતિ નહીં આપે. શાંતિ આપનારો પોતાનો આત્મા તેની તો સમીપમાં તે જાતો નથી, તો તેને શાંતિ ક્યાંથી મળે ?

વ્યવહારના પરિણામ વખતેય ધર્મીને તેમાં સમીપતાં નથી, તેમાં તન્મયતા નથી, તે વખતે તેની ચેતના તો તે વ્યવહારના રાગથી દૂર જ વર્તે છે ને પોતાના શુદ્ધ પરમતત્ત્વની જ સમીપમાં વર્તે છે. ધર્મીની ચેતનામાં પોતાનો સ્વભાવ જ સમીપ છે, ને રાગ દૂર છે–જુદો છે. જેને ચૈતન્યની સમીપતા થઈ છે–શુદ્ધ પરિણતિમાં ભગવાન આત્મા અનુભવમાં આવ્યો છે એવા શુદ્ધદ્રષ્ટિવંત જીવને જ વ્યવહાર સંયમાદિ સાચાં હોય છે. શુદ્ધ આત્મા જેની દ્રષ્ટિમાં વર્તતો નથી, અને એકલો રાગ જ જેની પરિણતિમાં તન્મય વર્તે છે એવા અજ્ઞાનીને તો વ્યવહાર પણ સાચો હોતો નથી. એને તો પોતાનો આત્મા દૂર છે એટલે કે અનુભૂતિમાં આવતો નથી.

## 卐 મારો આત્મા મને દૂર નથી 卐

અરે ચૈતન્યપ્રભુ હું પોતે.... મારાથી હું દૂર કેમ હોઉં ? આત્મા પોતે પોતાને સમીપ જ છે, પોતે પોતાના સ્વભાવમાં જ સત્ છે. –આવા આત્મામાં જેના પરિણામ તન્મય છે તેને જ ધર્મ છે. જેનાં પરિણામ પોતાના આત્મામાં તન્મય નથી, એટલે કે જે આત્મા રાગથી જુદી ચેતનારૂપે પરિણમ્યો નથી ને રાગાદિ પરભાવમાં તન્મયભાવે વર્તે છે તેને ધર્મ નથી, શાંતિ નથી, સામાયિક નથી. ધર્મી તો કહે છે કે મારી પર્યાયે–પર્યાયે મારા ચૈતન્યપ્રભુના અમૃત વરસી રહ્યા છે, ચૈતન્યરસના સમુદ્રમાં જ મારી બધી પર્યાયો મગ્ન છે, મારી કોઈ પર્યાય ચૈતન્યપ્રભુ વગરની નથી, મારી કોઈ પર્યાય રાગમાં તન્મય નથી. મારો આત્મા રાગથી ભિન્ન ચેતના ભાવે જ પરિણમી રહ્યો છે. –આ રીતે જેણે ચૈતન્યપ્રભુને સમીપ રાખ્યો, અને જે પોતે ચૈતન્યપ્રભુની સમીપ ગઈ, તે પર્યાયમાં રાગ રહી શકે નહીં, રાગથી તે પર્યાય છૂટી પડી ગઈ; એટલે વીતરાગભાવથી તે સુંદર સુશોભિત થઈ. આવી શુદ્ધ આત્મદ્રષ્ટિવાળા જીવો અભિરામ છે–સુંદર છે–મનોહર છે. અહો, તીર્થંકર થનારા આત્મા આવી શુદ્ધાત્મદ્રષ્ટિવડે મનોહર છે, ભવભયને હરનારા છે.

જ્યાં આત્માની સમીપતા છે, આત્મામાં એકાગ્રતા છે ત્યાં જ સાચી સામાયિક છે. જ્યાં આત્મા નથી ત્યાં સામાયિક કેવી ? જે પરિણામમાં પોતાના શુદ્ધ આત્માની

અનુભૂતિ નથી તેમાં સામાયિક કેવી? તેમાં વીતરાગતા કેવી? તેમાં સુખ કેવું? તેમાં ધર્મ કેવો? ધર્મીને પોતાની બધી પર્યાયોમાં, જ્ઞાનમા–શ્રદ્ધામાં–ચારિત્રમાં–આનંદમાં સદાય પોતાનો શુદ્ધ આત્મા હાજરાહજુર વર્તે છે, એક સમય પણ તે દૂર નથી.

## 卐 ‘વાહ! ભાવિ–તીર્થાધિનાથ 卐

જેમાં શુદ્ધઆત્મા સમીપ છે એવી સામાયિકના વર્ણનમાં ભાવિ–તીર્થાધિનાથને યાદ કરીને મુનિરાજ કહે છે કે અહો, તીર્થંકરોને તે ભવમાં દર્શન અને ચારિત્ર બંને અપ્રતિહત હોય છે; એવા ભાવિ–તીર્થંકરને તેમજ તેમના જેવા શુદ્ધદ્રષ્ટિવંત બધાય જીવોને જ્ઞાનમાં–શ્રદ્ધામાં–ચારિત્રમાં–આનંદમાં એમ સર્વે ભાવોમાં પોતાનો શુદ્ધઆત્મા જ સમીપ છે, તે જ શુદ્ધપરિણામમાં તન્મય વર્તે છે. આત્મા પોતે પોતાના નિર્મળ પરિણામમા તન્મય એકાકાર વર્તે છે એટલે તે જ સમીપ છે, ને રાગાદિ ભાવોમાં આત્મા તન્મય વર્તતો નથી તેથી રાગાદિથી તે દૂર છે, જુદો છે.

ધર્માત્માને આત્માની સમીપતા એક ક્ષણ પણ છૂટતી નથી. અને જ્યાં આત્મા સમીપ છે એટલે કે આત્માભિમુખ ભાવ છે ત્યાં સમતા જ છે, વીતરાગતા જ છે. આવું વીતરાગીકાર્ય તે જ નિયમસાર છે, તે જ મોક્ષનો માર્ગ છે. કોની સમીપતામાં આનંદ થાય? કે આત્મા પોતે સહજ આનંદસ્વરૂપ છે એટલે અંતર્મુખ થઈને આત્માની સમીપતામાં જ આનંદ વેદાય છે.

હે જીવ! સમ્યગ્દર્શનપર્યાય પ્રગટ કરવી હોય તો આત્માની સમીપ જા. સમ્યગ્જ્ઞાન–પર્યાય પ્રગટ કરવી હોય તો આત્માની સમીપ જા. આનંદપર્યાય પ્રગટ કરવી હોય તો આત્માની સમીપ જા. પરમ સમભાવરૂપ સામાયિક કરવી હોય તો આત્માની સમીપ જા. ભાવિ તીર્થાધિનાથ અને બધા શુદ્ધદ્રષ્ટિવંત જીવો આ રીતે આત્માની સમીપ જઈને, આત્માને મુખ્ય રાખીને, તેમાં એકાગ્રતા વડે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર અને સામાયિક પ્રગટ કરે છે.

અહો, આવી શુદ્ધદ્રષ્ટિવાળા આ ભાવિ તીર્થાધિનાથ શુદ્ધદ્રવ્યમાં અભેદ પર્યાયવડે અભિરામ છે, સુશોભિત છે. શુદ્ધદ્રવ્યમાં અભેદપરિણતિવડે રાગનો અભાવ થયો છે તેથી તે વીતરાગપણે શોભતા છે–સુંદર છે–મનોહર છે–અભિરામ છે, અને ભવના ભયને હરનારા છે. અરે, ભગવાન આત્મા જ્યાં અનુભૂતિમાં નીકટ બિરાજતો હોય ત્યાં ભવદુઃખ કેવા? ને ભય કેવો? ભગવાન આત્મા ભવના ભયને હરનારો છે.

હું તો ચેતનામય આત્મા છું–એવી શુદ્ધદ્રષ્ટિ ધર્મીને કદી છૂટતી નથી.

દરેક કાર્ય વખતે, દરેક પરિણામ વખતે આત્માની જ ઊર્ધ્વતા રહે છે, આત્મા જ મુખ્ય રહે છે; રાગાદિથી આત્મા ઊર્ધ્વ રહે છે, જુદો રહે છે. આવી દ્રષ્ટિથી શુદ્ધદ્રષ્ટિવંત જીવ શોભે છે. અહો ! આવો દ્રષ્ટિવંત જીવ તે તો ભવિષ્યનો ભગવાન છે; ભાવિ–તીર્થાધિનાથ અપ્રતિહત ભાવે આત્માને સમીપ જ રાખીને સામાયિક વડે મોક્ષને સાધે છે. કુદરતી આત્મા આનંદમય છે તેની સમીપતા થતાં આનંદને વેદતો–વેદતો તે આત્મા મોક્ષમાં જાય છે. કોઈ ધર્માત્માને પોતાના ધર્મપરિણામમાં આત્મા દૂર હોય નહીં. જેટલા ધર્મપરિણામ છે તે બધાય પરિણામમાં આત્મા પોતે તન્મય વર્તે છે, આત્મા પોતે તેવા સ્વરૂપે છે. સમ્યગ્દર્શનમાં, જ્ઞાનમાં, આનંદમાં સર્વ પરિણામમાં આખો આત્મા વર્તે છે, દૂર નથી રહેતો, જુદો નથી રહેતો. પ્રત્યેક પર્યાયમાં ધર્મીને સમતારસનો આખોય ચૈતન્યપિંડ હાજરાહજૂર વર્તે છે. –આવા ધર્માત્માના ભાવમાં સદા સામાયિક છે.

ધર્માત્માની જ્ઞાનદશામાં સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર આવ્યું છે, આખો જ્ઞાનાનંદસ્વભાવી આત્મા પોતે પરમ આનંદપણે ઉલ્લસ્યો છે. તેમાં હવે રાગ–દ્વેષ કેવા ? અશાંતિ કેવી ? આત્માની નીકટ જઈને મહા આનંદના વેદનમાં જે પર્યાય નિમગ્ન થઈ તેમાં હવે રાગ–દ્વેષાદિ વિકૃતિ હોય નહીં, તે તો પરમ શાંત છે. આવા ભાવનું નામ સામાયિક છે, ને તે જ પરમાનંદનો પંથ છે, તે પોતે આનંદરૂપ છે ને મોક્ષના પરમ આનંદને સાધે છે.

વિકલ્પો જ્ઞાનના સ્વભાવમાં છે જ નહીં, જ્ઞાનના સ્વભાવમાં આનંદનું પૂર છે, સમભાવ છે, પણ તેમાં રાગદ્વેષાદિ વિકૃતિ નથી. આત્માના સ્વભાવના અનંતા ભાવોનો સમરસ જ્ઞાનમાં સમાય છે; આવો સમરસી આત્મા છે, તેના અનુભવ વડે સામાયિક પ્રગટે છે. પર્યાય અંતર્મુખ થઈને આત્માના શુદ્ધચૈતન્યરસના પાનમાં તત્પર છે, નિર્વિકલ્પપણે ચૈતન્યનો આનંદરસ પીવામાં જ તે લાગેલી છે. બીજે ક્યાંય કોઈ પરભાવમાં તે પર્યાય હવે લાગતી નથી. પરમવીતરાગી સુખના અમૃતનો સ્વાદ જેણે ચાખ્યો તે વિકારનો ઝેરી સ્વાદ લેવા કેમ જાય ? અંતર્મુખ જ્ઞાનનો સ્વાદ અને વિકલ્પનો સ્વાદ એ બે વચ્ચે અમૃત અને ઝેર જેવો તફાવત છે. જ્ઞાનનો સ્વાદ તો પરમ શાંત રસમય છે, ને વિકલ્પનો સ્વાદ આકુળ–અશાંત છે. ધર્મીજીવ જ્ઞાનવડે આત્માના આનંદનું ચૂસણીયું ચૂસે છે. સુખભાવ જેમાં સમાયેલો છે એવો હું છું–એમ જ્ઞાની અંતરમાં સુખરસનું પાન કરે છે. તે તીર્થંકરોનો અનુયાયી છે. તીર્થાધિનાથનો જે સુંદર માર્ગ તેમા ચાલી રહ્યો છે, શોભી રહ્યો છે.

## 卐 ધન્ય તીર્થાધિનાથ !! ધન્ય એમનો સુંદર માર્ગ ! 卐

## મોક્ષમહેલનું પહેલું પગથિયું-સમ્યગ્દર્શન
## દર્શન ધારો ભવ્ય પવિત્રા.... કાલ વૃથા મત ખોવો

રે જીવ! દુનિયાની વાત છોડ. દુનિયા દુનિયામાં રહી; તું તારું આત્મભાન કરીને તારા હિતને સાધી લે. સમ્યગ્દર્શન શું છે તેની દુનિયાને ખબર નથી; સમ્યગ્દર્શન બીજાને ઇન્દ્રિયજ્ઞાનથી દેખાય તેવું નથી. અહા, સમ્યગ્દર્શન થયું ત્યાં આત્મામાં મોક્ષનો સિક્કો લાગી ગયો, ને પરમ સુખનું નિધાન ખુલી ગયું. એનો તો જે અનુભવ કરે એને ખરી ખબર પડે.

અહો, આવા પવિત્ર સમ્યગ્દર્શનને હે ભવ્ય જીવો! તમે ધારણ કરો, બહુમાનથી તેની આરાધના કરો. હે સૂજ્ઞ-સમજદાર આત્મા! તું સમજ, તું ચેતી જા, તું સાવધાન થા, અને પ્રમાદ વગર શીઘ્ર સમ્યગ્દર્શન પ્રગટ કર. સમ્યગ્દર્શનનો આ ઉત્તમ અવસર છે. ફરીફરી આવો અવસર મળવો દુર્લભ છે. માટે આવો ઉત્તમ ઉપદેશ સાંભળીને, એક ક્ષણ પણ ગુમાવ્યા વગર અત્યારે જ અંતરમાં પોતાના શુદ્ધ આત્માની અખંડ અનુભૂતિ સહિત શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શનના દીવડા પ્રગટાવ. હે ભવ્ય! હે સુખના અભિલાષી મુમુક્ષુ! સુખ માટે તું આવા ઉત્તમ કાર્યને શીઘ્ર કર.

સમ્યગ્દશનનો ઘણો મહિમા બતાવીને હવે આ ત્રીજી ઢાલની છેલ્લી ગાથામાં તેની અત્યંત પ્રેરણા આપતાં કહે છે કે અરે જીવ! તું કાળ ગુમાવ્યા વગર આ પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કર.

અહા, સમ્યગ્દર્શનનું સ્વરૂપ અચિંત્ય છે! હે ભવ્ય! આવા સમ્યગ્દર્શનને ઓળખીને અત્યંત મહિમાપૂર્વક તું તેને શીઘ્ર ધારણ કર... જરા પણ કાળ નકામો ગુમાવ્યા વગર તું ચેતી જા અને આવા સમ્યગ્દર્શનને ધારણ કર. કેમકે આ સમ્યગ્દર્શન જ

મોક્ષનું પ્રથમ પગથિયું છે; જ્ઞાન કે ચારિત્ર કાંઈ આ સમ્યગ્દર્શન વગર સાચું હોતું નથી. સમ્યગ્દર્શન વગરના બધા જાણપણા ને બધા આચરણ તે મિથ્યાજ્ઞાન ને મિથ્યા આચરણ છે. માટે હે જીવ! તું સમજ, આ ઉપદેશ સાંભળીને ચેત, સાવધાન થા, ને નકામો કાળ ગુમાવ્યા વગર સમ્યગ્દર્શનનો સાચો ઉદ્યમ કર. જો સમ્યક્ત્વ વગર જીવન ગુમાવ્યું તો ફરીને આવો નરભવ ને આવા જૈનધર્મનો ઉત્તમયોગ મળવો કઠણ છે. અવસર ગુમાવી દઈશ તો તારા પસ્તાવાનો પાર નહીં રહે. માટે, હે આતમરામ! હે ભવ્ય જીવ! તું અત્યંત સાવધાન થઈને ચેતી જા ને અત્યંત ઉદ્યમપૂર્વક શીઘ્ર આવા પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કર.

મોક્ષમહેલમાં ચઢવા માટે રત્નત્રયરૂપ જે સીડી છે તેનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન છે; તેના વગર ઉપરના પગથિયાં (શ્રાવકપણું મુનિપણું વગેરે) હોય નહિ. સીડીનું એક પગથિયું પણ જેનાથી નથી ચડાતું તે આખી સીડી ચડીને મોક્ષમાં ક્યાંથી પહોંચશે? સમ્યગ્દર્શન વગરની બધી ક્રિયાઓ એટલે કે શુભભાવો તે કાંઈ ધર્મનું પગથિયું નથી, તે તો સંસારમાં ઊતરવાનો રસ્તો છે. રાગને જેણે રસ્તો માન્યો તે તો સંસારના રસ્તે છે. રાગના રસ્તે કાંઈ મોક્ષમાં ન જવાય. મોક્ષનો રસ્તો તો સ્વાનુભવ સહિત સમ્યગ્દર્શન છે. આત્માની પૂર્ણ શુદ્ધ વીતરાગદશા તે મોક્ષરૂપી આનંદમહેલ; અંશે શુદ્ધતારૂપ સમ્યગ્દર્શન તે મોક્ષમહેલનું પહેલું પગથિયું. અંશે શુદ્ધતા વગર પૂર્ણ શુદ્ધતાના માર્ગે ક્યાંથી જવાશે? અશુદ્ધતાના માર્ગે ચાલતાં કાંઈ મોક્ષનગર ન આવે.

મોક્ષ શું છે?–મોક્ષ તે કાંઈ ત્રિકાળી દ્રવ્ય કે ગુણ નથી, પણ તે જીવના જ્ઞાનાદિ ગુણોની પૂર્ણ શુદ્ધ અવસ્થારૂપ કાર્ય છે; તેનું પહેલું કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનું લક્ષ્ય પૂર્ણ શુદ્ધઆત્મા છે, તે પૂર્ણતાના ધ્યેયે પૂર્ણ તરફની ધારા ઊપડે છે; વચ્ચે રાગાદિ હોય, વ્રતાદિ શુભભાવ હોય પણ સમ્યગ્દષ્ટિ તેને આસ્રવ જાણે છે, તે કાંઈ મોક્ષની સીડી નથી. સમ્યક્તા કહો કે શુદ્ધતા કહો, જ્ઞાન–ચારિત્ર વગેરેની શુદ્ધીનું મૂળ સમ્યગ્દર્શન છે. શુભરાગ તે કાંઈ ધર્મનું પગથિયું નથી. રાગનું ફળ સમ્યગ્દર્શન નથી, ને સમ્યગ્દર્શનનું ફળ શુભરાગ નથી; બંને ચીજો જ જુદી છે.

આત્માં શાંત–વીતરાગ સ્વભાવ છે; તે પુણ્યવડે, રાગવડે, વ્યવહારવડે પ્રાપ્ત થતો નથી એટલે કે અનુભવમાં આવતો નથી; પણ સીધો પોતે પોતાના ચેતનભાવ વડે અનુભવમાં આવે છે. આવો અનુભવ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય ને ત્યારે મોક્ષમાર્ગ

ઊઘડે. અનંત જન્મ–મરણના નાશના ઉપાયમાં ને મોક્ષના પરમઆનંદની પ્રાપ્તિમાં સમ્યગ્દર્શન જ પહેલું પગથિયું છે. તેના વગર જ્ઞાનનું જાણપણું કે શુભરાગની ક્રિયાઓ તે બધું નિરર્થક છે. ધર્મનું ફળ તેના વડે જરાય આવતું નથી, માટે તે નિરર્થક છે. નવતત્ત્વોની એકલી વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જાણપણું કે પંચમહાવ્રતાદિ શુભ આચાર, તે કોઈ રાગ આત્માના સમ્યગ્દર્શન માટે જરાય કારણરૂપ નથી; વિકલ્પની મદદ વડે નિર્વિકલ્પતા કદી પમાતી નથી. સમ્યક્ત્વાદિની ભૂમિકામાં તેને યોગ્ય વ્યવહાર હોય છે એટલી તેની મર્યાદા છે, પણ તે વ્યવહાર છે માટે તેને લઈને નિશ્ચય છે–એમ નથી. વ્યવહારના જેટલા વિકલ્પો છે તે બધાય આકુળતા અને દુઃખ છે, વિકલ્પ વડે કંઈ આત્માનું કાર્ય જ્ઞાનીને થતું નથી; ત વખતે જ તેનાથી ભિન્ન એવા નિશ્ચય–શ્રદ્ધા –જ્ઞાનાદિ પોતાના આત્માના અવલંબને તેને વર્તે છે અને તે જ મોક્ષમાર્ગ છે. આવા નિરપેક્ષ નિશ્ચય સહિત જે વ્યવહાર હોય તે વ્યવહાર તરીકે સાચો છે.

સમ્યગ્દર્શન વગર જ્ઞાન કે ચારિત્રમાં સાચાપણું આવતું નથી, એટલે જૂઠાપણું રહે છે. સમ્યગ્દર્શન વગર બધુંય ખોટુ?–હા, મોક્ષને માટે તો બધુંય નિરર્થક, ધર્મને માટે બધું નકામું; શાસ્ત્રજ્ઞાનની વાત કરીને ગમે તેટલું લોકરંજન કરે, ધારાવાહી ભાષણમાં ન્યાયોની ઝપટ બોલાવે, કે વ્રતાદિ આચરણરૂપે ક્રિયાઓ વડે લોકમાં વાહ–વાહ થાય, પણ સમ્યગ્દર્શન વગર તેનું જ્ઞાન ને આચરણ બધુંય મિથ્યા છે, તેમાં જરાય આત્માનું હિત નથી; તેમાં માત્ર લોકરંજન છે, આત્મરંજન નથી, આત્માનું સુખ નથી.

વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર તે બધાય સમ્યગ્દર્શન વગર કેવાં છે?–તો કહે છે કે તે **सम्यक्ता न लहे** એટલે કે સાચાં નથી પણ ખોટાં છે, તેના વડે મોક્ષમાર્ગ જરાય સધાતો નથી. સમ્યગ્દર્શન પૂર્વક જ સાચાં જ્ઞાન–ચારિત્ર હોય છે ને મોક્ષમાર્ગ સધાય છે; માટે તે ધર્મનું મૂળ છે.

અહો, આવા પવિત્ર સમ્યગ્દર્શનને હે ભવ્ય જીવો! તમે ધારણ કરો, બહુમાનથી તેની આરાધના કરો. હે સૂજ્ઞ–સમજદાર આત્મા! તું સમજ, તું ચેતી જા, તું સાવધાન થા, અને પ્રમાદ વગર શીઘ્ર સમ્યગ્દર્શન પ્રગટ કર. સમ્યગ્દર્શનનો આ ઉત્તમ અવસર છે. ફરી ફરી આવો અવસર મળવો દુર્લભ છે. માટે આવો ઉત્તમ ઉપદેશ સાંભળીને, એકક્ષણ પણ ગુમાવ્યા વગર અત્યારે જ અંતરમાં પોતાના શુદ્ધઆત્માની અખંડ અનુભૂતિ સહિત શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શનના દીવડા પ્રગટાવ, હે ભવ્ય! હે સુખના

અભિલાક્ષી મુમુક્ષુ ! સુખ માટે તું આવા ઉત્તમ કાર્યને શીઘ્ર કર. 'રે આત્મ તારો આત્મ તારો શીઘ્ર એને ઓળખો.'

**'तीन भुवनमें जीव अनंत सुख चाहैं, दुःखतैं भयवंत'** સુખ કહો કે મોક્ષ કહો, તે સર્વે જીવોને વહાલું છે, અને સમ્યગ્દર્શન તે મોક્ષમહેલની પ્રથમ સીડી છે.–( મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા ) આત્માના સર્વે ગુણોની પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ, ( સર્વગુણાંશ તે સમ્યક્ત્વ ) આત્માના સર્વે ગુણોની અંશે શુદ્ધતા તે મોક્ષમાર્ગ.

આત્મામાં જ્ઞાનાનંદસ્વભાવ જેવો ત્રિકાળ છે તેવો પર્યાયમા પ્રગટે તેનું નામ મોક્ષ, અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તેનું કારણ તે મોક્ષમાર્ગ; તેમાં પણ મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન એટલે શું તે બીજી ગાથામાં કહ્યું હતું કે–

**'પરદ્રવ્યનતેં ભિન્ન આપમેં રુચિ સમ્યક્ત્વ ભલા હૈ.'**

પરદ્રવ્યથી ભિન્ન આત્માની રુચિ તે સમ્યગ્દર્શન છે. મોક્ષાર્થીએ પહેલાં આવું સમ્યગ્દર્શન જરૂર પ્રગટ કરવું જોઈએ. જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા હું છું; શરીરાદિ અજીવ હું નથી, રાગાદિ આસ્રવ પણ હું નથી; આ રીતે દેહાદિથી તથા રાગાદિથી ભિન્ન પોતાના આત્માની અનુભૂતિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન થયું ત્યારે શાસ્ત્ર ભણતર કે સંયમ ન હોય તો પણ મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે. શ્રીમદ્રાજચંદ્ર કહે છે કે– 'અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને ક્ષણમાત્રમાં જાત્યંતર કરીને જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યકદર્શનને નમસ્કાર.'

આવા સમ્યગ્દર્શનનુ સાચું સ્વરૂપ જીવ અનંતકાળમાં સમજ્યો નથી ને વિકારને જ આત્મા માનીને તેના જ અનુભવમાં રોકાઈ ગયો છે. બહુ તો પાપ છોડીને શુભ–રાગમાં આવ્યો, પરંતુ શુભરાગ પણ અભૂતાર્થધર્મ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી, ને તેના અનુભવથી કાંઈ સમ્યગ્દર્શન થતું નથી. **'भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी'** છે. બધા તત્ત્વોનો સાચો નિર્ણય સમ્યગ્દર્શનમાં સમાય છે. ચૈતન્યપ્રકાશી જ્ઞાયકસૂર્ય આત્મા છે, તેના કિરણોમાં રાગાદિ અંધારાં નથી; શુભાશુભરાગ તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આવા રાગરહિત જ્ઞાનસ્વભાવને જાણીને તેની પ્રતીત અને અનુભૂતિ કરવી તે અપૂર્વ સમ્યગ્દર્શન છે, તે સર્વનો સાર છે.

પરમાત્મપ્રકાશમાં કહે છે કે અનંતકાળથી સંસારમાં રખડતો જીવ બે વસ્તુ પામ્યો નથી–એક તો જિનવરસ્વામી, અને બીજું સમ્યક્ત્વ; બહારમાં તો જિનવર–

સ્વામી મળ્યા પણ પોતે તેનું ખરું સ્વરૂપ ન ઓળખ્યું, માટે તેને જિનવરસ્વામી મળ્યા નથી–એમ કહ્યું. જિનવરનું સ્વરૂપ ઓળખતાં સમ્યગ્દર્શન થાય જ. સમ્યગ્દર્શન વગરના જ્ઞાન–ચારિત્રને ભગવાનના માર્ગની એટલે કે સચ્ચાઈની છાપ મળતી નથી. સમ્યગ્દર્શન વડે શુદ્ધઆત્માને શ્રદ્ધામાં લીધો ત્યારે જ્ઞાન સાચું થયું, ને આવા શ્રદ્ધાજ્ઞાન વડે અનુભવમાં લીધેલા પોતાના શુદ્ધાત્મામાં લીન થતાં ચારિત્ર પણ સાચુ થયું. માટે કહ્યુ કે મોક્ષમહલકી પરથમ સીડી...સમ્યક્ ધારો ભવ્ય પવિત્રા. ધર્મનું પહેલું પગથિયું પુણ્ય નથી પણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર પુણ્ય પણ અનંતવાર જીવ કરી ચુક્યો પણ તે સંસારનું જ કારણ થયું, ધર્મનું કારણ જરાપણ ન થયું. ધર્મ અને મોક્ષનું કારણ સમ્યગ્દર્શન જ છે. સમયગ્દર્શન કરી–કરીને અનંતા જીવો મોક્ષમાં પધાર્યા છે; સમ્યગ્દર્શન વગર કોઈ જીવ મોક્ષને પામ્યો નથી.

આત્મા શું છે તેને જાણ્યા વગર જે રાગને જ આત્મા માને છે તેને સમ્યગ્દર્શન નથી, સમ્યગ્દર્શન વગર જ્ઞાન નથી ને ચારિત્ર પણ નથી. સમ્યગ્દર્શન સહિત જ જ્ઞાન ને ચારિત્ર શોભે છે. માટે હે ભવ્ય ! આવા પવિત્ર સમ્યક્ત્વને એટલે નિશ્ચય સમ્યક્ત્વને તું શીઘ્ર ધારણ કર; કાળ ગુમાવ્યા વગર આવું સમ્યક્ત્વ પ્રગટ કર. આત્મબોધ વગર શુભરાગથી તો માત્ર પુણ્યબંધન છે, તેમાં મોક્ષમાર્ગ નથી; અને સમ્યગ્દર્શન પછી પણ કાંઈ રાગ તે મોક્ષમાર્ગ નથી, રાગ વગરનાં જે રત્નત્રય તે જ મોક્ષમાર્ગ છે; જેટલો રાગ છે તેટલું તો બંધન છે. વ્યવહારસમ્યગ્દર્શન તે રાગ છે, વિકલ્પ છે, તે પવિત્ર નથી, નિશ્ચય સમ્યગ્દર્શન તે પવિત્ર છે, વીતરાગ છે, નિર્વિકલ્પ છે. વિકલ્પથી જુદો પાડીને, ચેતનાવડે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માના અનુભવપૂર્વક પ્રતીત કરવી તે સાચું સમ્યક્ત્વ છે, તે મોક્ષનું સોપાન છે. માટે શુદ્ધાત્માને અનુભવમાં લઈને આવા સમ્યક્ત્વને ધારણ કરવાનો ઉપદેશ છે.

હે જીવો ! આવો સરસ સમ્યક્ત્વનો મહિમા સાંભળીને હવે તમે જાગો, જાગીને ચેતો ! સાવધાન થાઓ ! ને આવા પવિત્ર સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજીને પોતાના પુરુષાર્થવડે તેને ધારણ કરો. તેમાં પ્રમાદ ન કરો. આ દુર્લભ અવસરમાં સમ્યગ્દર્શન જ પ્રથમ કર્તવ્ય છે. ફરીફરી આવો અવસર મળવો મુશ્કેલ છે. સમ્યગ્દર્શન ન કર્યું તો આ દીર્ઘસંસારમાં જીવનો ક્યાંય પત્તો ખાય તેમ નથી. માટે હે શાણા સમજુ જીવો ! તમે ઉદ્યમ વડે શીઘ્ર સમ્યગ્દર્શનને ધારણ કરો. સાવધાન થઈને તમારી સ્વપર્યાયને સંભાળો ! તેને અંતર્મુખ કરીને સમ્યગ્દર્શનરૂપ કરો. તમારી પર્યાયના કર્તા તમે છો;

ભગવાન તમારી પર્યાયના દેખનાર છે પણ કાંઈ કરનાર નથી, કર્તા તો તમે જ છો. માટે તમે પોતે આત્માના ઉદ્યમવડે શીઘ્ર સમ્યગ્દર્શનપર્યાયરૂપ પરિણમો.

પોતાનો આત્મા શું છે તેને જાણ્યા વગર અનંતવાર જીવ સ્વર્ગમાં ગયો પણ ત્યાં જરાય સુખ ન પામ્યો, સંસારમાં જ રખડયો. સુખનું કારણ તો આત્મજ્ઞાન છે. અજ્ઞાનીને કરોડો જન્મના તપથી જે કર્મો ખપે છે તે જ્ઞાનીને આત્મજ્ઞાનવડે એકક્ષણમાં ખપી જાય છે. તેથી કહ્યું છે કે 'જ્ઞાનસમાન ન આન જગતમેં સુખકો કારણ.' ત્રણલોકમાં સમ્યગ્દર્શન સમાન સુખકારી બીજું કોઈ નથી. આત્માના સમ્યગ્દર્શન–જ્ઞાન વગર જીવને સુખનો છાંટોય અનુભવમાં ન આવે, એટલે કે ધર્મ ન થાય. માટે હે સમજદાર જીવો! તમે આ સાંભળીને સમજીને ચેતો, ને શીઘ્ર સમ્યગ્દર્શન ધારણ કરીને આત્મહિત કરો. આ તમારા હિતના ટાણાં આવ્યા છે. તમે કાંઈ મૂર્ખ નથી, તમે તો સમજદાર જ્ઞાનના ભંડાર છો; માટે ચેતીને સમજો ને સમ્યગ્દર્શનને ધારણ કરો. આ સમ્યક્ત્વની પ્રાપ્તિનો અવસર છે, તેને વૃથા ન ગુમાવો.

જે સમજદાર છે, જે આત્માને ભવદુઃખથી છોડાવવા માટે ને મોક્ષસુખના અનુભવ માટે સમ્યક્ત્વનો પિપાસુ છે, એવા ભવ્ય જીવને સંબોધીને સમ્યગ્દર્શનની પ્રેરણા આપે છે. પ્રભુ! આ તારા હિતના ટાણાં છે. તું કાંઈ મૂઢ નથી પણ સમજુ છો, શાણો છો, હિત–અહિતનો વિવેક કરનાર છો, જડ–ચેતનનો વિવેક કરનાર છો; માટે તું શ્રી ગુરુનો આ ઉત્તમ ઉપદેશ સાંભળીને હવે તરત સમ્યગ્દર્શન ધારણ કર. આટલે સુધી આવીને હવે વિલંબ ન કર. દેહાદિથી ભિન્ન આત્માનો અનુભવ કર, તેનો ઊંડો ઉદ્યમ કર.

**समझ! सुन! चेत! शयाने!** હે શાણા જીવ! તું સાંભળ, સમજ ને સાવધાન થા. ચેતીને વિલંબ વગર સમ્યક્ત્વને ધારણ કર. એકલું સાંભળીને ન અટક, પણ તે સમજીને સાવધાન થા. મોહનો અભાવ કરીને સાવધાન થા, ને તારી જ્ઞાનચેતનાવડે તારા શુદ્ધ આત્માને ચેત...તેનો અનુભવ કર. સર્વજ્ઞ પરમાત્મામાં જે છે તે બધુંય તારા આત્મામાં પણ છે–એમ જાણી, પ્રતીત કરી, સ્વાનુભવ કર. મૃગની માફક બહારમાં ન ઢૂંઢ, અંદરમાં છે તેને અનુભવમાં લે.

સંસારમાં રૂલતાંરૂલતાં અનંતકાળે માંડમાંડ આ મનુષ્ય અવતાર મળ્યો, તેમાંય આવો જૈનધર્મ ને સત્સંગ મળ્યો, સમ્યગ્દર્શનનો આવો ઉત્તમ ઉપદેશ મળ્યો, તો હવે કોણ એવો મૂર્ખ હોય કે આવો અવસર નકામો ગુમાવે? ભાઈ! કાળ ગુમાવ્યા વગર

અંતરમાં ઉદ્યમ વડે તું નિર્મળ સમ્યગ્દર્શનને ધારણ કર. ચાર ગતિના દુઃખ તેં ઘણાં સહ્યાં, હવે એ દુઃખથી છૂટવા આત્માની આ વાત સાંભળ. સમ્યગ્દર્શનની આવી ઉત્તમ વાત સાંભળીને હવે તું જાગૃત થા ને તરત સમ્યગ્દર્શન પ્રગટ કર. આ તારો સમજવાનો કાળ છે, સમ્યગ્દર્શનનો અવસર છે, માટે અત્યારે જ સમ્યગ્દર્શન ધારણ કર! જુઓ, કેવું સંબોધન કર્યું છે! (ભોગભૂમિમાં ઋષભદેવના જીવને સમ્યગ્દર્શન માટે ઉપદેશ આપીને મુનિરાજે પણ એમ કહ્યું હતું કે હે આર્ય! હમણાં અત્યારે જ તું આ સમ્યક્ત્વને ગ્રહણ કર...તને સમ્યક્ત્વની પ્રાપ્તિનો આ કાળ છેઃ **तत् गृहाण अद्य सम्यकत्वं तत्लाभे काल एष ते!** અને ખરેખર તે જીવે તત્ક્ષણે જ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું એ રીતે અહીં પણ કહે છે કે હે ભવ્ય! વિલંબ વગર હમણાં જ તું સમ્યક્ત્વને ધારણ કર! અને સુપાત્ર જીવ જરૂર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.)

હે જીવ! જેટલો ચૈતન્યભાવ છે તેટલો જ તું છો. અજીવથી તારો આત્મા ભિન્ન છે, રાગાદિ મમતાથી પણ આત્માનો સ્વભાવ ભિન્ન છે; આવા આત્માના ભાન વગર અનંતકાળ વ્યર્થ ગુમાવ્યો, પણ હવે આ ઉપદેશ સાંભળ્યા પછી તું એક ક્ષણ પણ ન ગુમાવીશ. તરત અંદરમાં સમ્યગ્દર્શનનો ઉદ્યમ કરજે. એકેક ક્ષણ અત્યંત કિંમતી છે. ઊંચા મણિરત્ન કરતાંય મનુષ્યપણું મોંઘુ છે અને તેમાંય આ સમ્યગ્દર્શન રત્નની પ્રાપ્તિ મહા દુર્લભ છે. અનંતવાર મનુષ્ય થયો ને સ્વર્ગમાંય ગયો પણ સમ્યગ્દર્શન ન પામ્યો. આમ જાણીને હવે તું નકામો કાળ ગુમાવ્યા વગર સમ્યગ્દર્શન પ્રગટ કર. તું ઉદ્યમ કર ત્યાં તારી કાળલબ્ધિ પણ આવી જ ગયેલી છે. પુરુષાર્થથી કાળલબ્ધિ જુદી નથી. માટે હે ભાઈ! આ અવસરમાં આત્માને સમજીને તેની શ્રદ્ધા કર! બીજા નકામાં કાર્યોમાં સમય ન ગુમાવ.

પરના કામ તારાં નથી ને પરચીજ તારા કામની નથી. આનંદકંદ આત્મા જ તારો છે, તેને જ કામમાં લે, શ્રદ્ધા–જ્ઞાનમાં લે. પરચીજ કે પુણ્ય–પાપ તારા હિતના કામમાં નહીં આવે; તારો જ્ઞાનાનંદસ્વભાવ શ્રદ્ધામાં લે, તે જ તને મોક્ષને માટે કામમાં આવશે. સમયસારમાં આત્માને ભગવાન કહીને બોલાવ્યો છે. જેમ માતા પારણું ઝુલાવે ને હાલરડું ગાય કે 'મારો દીકરો ડાહ્યો...' તેમ જિનવાણી માતા કહે છે કે હે જીવ! તું ભગવાન છો...તું ડાહ્યો એટલે શાણો સમજદાર છો. માટે હવે મોહ છોડીને તું જાગ...ચેત ને તારા આત્મસ્વભાવને દેખ. આત્માના સ્વભાવનું સમ્યગ્દર્શન તે મોક્ષનું દાતા છે. સમ્યગ્દર્શન થયું એટલે મોક્ષ જરૂર થવાનો. તારા ગુણના ગાણાં ગાઈને સંતો તને જગાડે છે...ને સમ્યગ્દર્શન પમાડે છે.

આત્મા અખંડ જ્ઞાનદર્શનસ્વરૂપ છે તે પવિત્ર છે; પુણ્ય–પાપ તો મેલાં છે, સ્વ–પરને જાણવાની તાકાત તેનામાં નથી. ને ભગવાન આત્મા તો પોતે પોતાને તેમજ પરને પણ જાણે એવો ચેતકસ્વભાવી છે.–આવા આત્માની સન્મુખ થઈને તેની શ્રદ્ધા અને અનુભવ કરતાં જે સમ્યગ્દર્શન થયું તેનો મહાન પ્રતાપ છે. સમ્યગ્દર્શન વગરનુ છું તો એકડા વગરના મીંડા જેવું છે, ધર્મમાં તેની કાંઈ કિંમત નથી. સમ્યગ્દ્રષ્ટિને અંદર ચૈતન્યના શાંતરસનું વેદન છે. અહા, એ શાંતિના અનુભવની શી વાત! શ્રેણીક રાજા અત્યારે નરકમાં રહ્યા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપે ત્યાનાં દુઃખથી ભિન્ન એવા ચૈતન્યસુખનું વેદન પણ તેમને વર્તી રહ્યું છે. પહેલાં મિથ્યાત્વદશામાં મહાપાપથી તેમને સાતમી નરકનુ અસંખ્ય વર્ષોનું આયુ બાંધી લીધું, પણ પછી મહાવીરપ્રભુના સમવસરણમાં તેઓ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા ને સાતમી નરકનું આયું તોડીને પહેલી નરકનું અને તે પણ માત્ર ૮૪૦૦૦ વર્ષનું કરી નાખ્યું. તેઓ રાજગૃહીના રાજા ગૃહસ્થાશ્રમમાં અવ્રતી હતા છતાં ક્ષાયિક સમ્યગ્દર્શન પામ્યા; નરકગતિ ન ફરી પણ તેની સ્થિતિ તોડીને અસંખ્યાતમા ભાગની કરી નાંખી. નરકની ઘોર યાતનાઓ વચ્ચે પણ તેનાથી અલિપ્ત એવી સમ્યગ્દર્શન–પરિણતિનું સુખ તે આત્મા વેદી રહ્યો છે.– ‘બાહર નારકીકૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી’ આ રીતે સમ્યગ્દર્શન સહિત જીવ નરકમાં પણ સુખી છે; ને સમ્યગ્દર્શન વગર તો સ્વર્ગમાં પણ જીવ દુઃખી છે. તેથી પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે સમ્યગ્દર્શન સહિત તો નરકવાસ પણ ભલો છે, ને સમ્યગ્દર્શન વગરનો દેવલોકમાં વાસ પણ ઇષ્ટ નથી. એટલે કે જીવને સર્વત્ર સમ્યગ્દર્શન જ ઇષ્ટ છે, ભલું છે, સુખકર છે; એના વિના ક્યાંય જીવને સુખ નથી. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આત્મરસનું વેદન છે; દેવોના અમૃતમાં પણ તે આત્મરસનું સુખ નથી. મનુષ્યજીવનની સફળતા સમ્યગ્દર્શનથી જ છે; સ્વર્ગ કરતાંય સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે...ત્રણલોકમાં સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે. જ્ઞાન અને ચારિત્ર પણ સમ્યગ્દર્શન સહિત હોય ત્યારે જ શ્રેષ્ઠતાને પામે છે.

નરકમાં પણ શ્રેણીકને ભિન્ન આત્માનું ભાન છે ને સમ્યક્ત્વના પ્રતાપે નિર્જરા થયા કરે છે; તથા ત્યાં પણ નિરંતર તેમને તીર્થંકરપ્રકૃતિ બંધાયા કરે છે. નરકમાંથી નીકળીને તેઓ ભરતક્ષેત્રમાં હવેની ચોવીશીમાં પહેલાં તીર્થંકર થશે. તેમના ગર્ભાગમન પહેલાં છ મહિને અહીં ઇન્દ્ર–ઇન્દ્રાણી તેમના માતા–પિતાની સેવા કરવા આવશે ને રત્નવૃષ્ટિ કરશે; તે તો હજી નરકમાં હશે. પછી માતાના પેટમાં આવશે ત્યારે પણ

સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન સહિત હશે, તેમજ અવધિજ્ઞાન પણ હશે. હું દેહ નહીં, નારકી હું નહીં, દુઃખ હું નહીં, આ દેહના છેદન–ભેદનથી મારો આત્મા છેદાતો–ભેદાતો નથી, હું તો ચૈતન્યસુખનો અખંડ પિંડ શાશ્વત છું–આવી આત્મશ્રદ્ધા નરકમાંય તેને સદાય વર્તે છે, ને તે મોક્ષમહેલની સીડી છે. નરકમાં હોવા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપે તે આત્મા મોક્ષના માર્ગમાં જ પરિણમી રહ્યો છે. અહો, સમ્યગ્દર્શનનો કોઈ અચિંત્ય અદ્ભુત મહિમા છે. આવા સમ્યગ્દર્શનને ઓળખીને હે જીવો! તમે પોતામાં તેની આરાધના કરો.

રે જીવ! દુનિયાની વાત છોડ. દુનિયા દુનિયામાં રહી; તું તારું આત્મભાન કરીને તારા હિતને સાધી લે. સમ્યગ્દર્શન શું છે તેની દુનિયાને ખબર નથી; સમ્યગ્દર્શન બીજાને ઇન્દ્રિયજ્ઞાનથી દેખાય તેવું નથી. અહા, સમ્યગ્દર્શન થયું ત્યાં આત્મામાં મોક્ષનો સિક્કો લાગી ગયો, ને પરમ સુખનું નિધાન ખુલી ગયું. એનો તો જે અનુભવ કરે એને ખરી ખબર પડે. હાથમાં આવેલ ચિંતામણિને કોઈ મૂર્ખ દરિયામાં ફેંકી દે તો ફરી તે હાથમાં આવવો જેમ મુશ્કેલ છે, તેમ ચિંતામણિ જેવો આ મનુષ્યઅવતાર જો સમ્યગ્દર્શન વગર ગુમાવી દીધો તો ભવના દરિયામાં ફરીને તેની પ્રાપ્તિ થવી બહુ કઠણ છે; માટે આ દુર્લભ અવસરમાં બીજી બધી પંચાત છોડીને સમ્યગ્દર્શન કરી લેવા જેવું છે. આ અવસર ચુકવા જેવું નથી.

આવું સમ્યગ્દર્શન જેનું મૂળ છે–એવો વીતરાગધર્મ **'दंसणमूलो धम्मो'** –જિનવરદેવે ઉપદેશ્યો છે. અઢી હજાર વર્ષ પહેલાં મહાવીર તીર્થંકર આ ભરતક્ષેત્રમાં એવો જ ઉપદેશ દેતા હતા ને તે સાંભળીને અનેક જીવો સમ્યક્ત્વ પામતા હતા; અત્યારે સીમંધરાદિ તીર્થંકર ભગવંતો વિદેહક્ષેત્રમાં એવો જ ઉપદેશ આપે છે, ને તે ઝીલીને કેટલાય જીવો સમ્યગ્દર્શન પામે છે. અત્યારે અહીં પણ આવું સમ્યગ્દર્શન પામી શકાય છે. દરેક આત્માર્થી જીવે આવું ઉત્તમ કલ્યાણકારી સમ્યગ્દર્શન અવશ્ય કરવું જોઈએ. માટે હે વિવેકી આત્મા! તું આ અવસરમાં સમ્યગ્દર્શનનું આવું માહાત્મય સાંભળીને સાવધાન થા ને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર...અનુભવી જ્ઞાની પાસેથી સમજીને સમ્યગ્દર્શન પ્રગટ કર. તે આ મનુષ્ય જીવનનું અમૂલ્ય કાર્ય છે, તેના વગર જીવનને વ્યર્થ ન ગુમાવ.

શરીર ને આત્મા ભિન્ન છે, રાગ ને આત્મા ભિન્ન છે; શરીર અને રાગ

વગરનું તારું ચૈતન્યતત્ત્વ અખંડ એવું ને એવું તારામાં છે. –આ સાંભળીને રાજી થઈને તું સમ્યગ્દર્શનનો ઉદ્યમ કર. ચૈતન્યમય તારા સ્વતત્ત્વને પરથી ભિન્ન દેખીને પ્રસન્નતા વડે અનુભવમાં લે, ને મોક્ષમાર્ગમાં આવી જા. લાખ–કરોડ રૂપિયા દેતાંય જેની એક ક્ષણ મળવી મુશ્કેલ છે એવું આ મનુષ્યજીવન વૃથા ન ગુમાવ, મનુષ્યપણાની શોભા સમ્યગ્દર્શનથી છે માટે આ જન્મમાં સમ્યગ્દર્શન પ્રગટ કરી લે, જેથી આત્મામાં મોક્ષમાર્ગ શરૂ થઈ જાય. અમૂલ્ય જીવનમાં તેનાથી પણ અમૂલ્ય એવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કર. કરોડો રૂપિયા કે કુટુંબ તે કોઈ શરણ નથી, પુણ્ય પણ શરણ નથી, સમ્યગ્દર્શન જ શરણ છે; તે સમ્યગ્દર્શન વડે જ જીવનની સફળતા ને જીવની શોભા છે. આવો સારો યોગ પુનઃપુનઃ નથી મળતો, માટે તેમાં સમ્યગ્દર્શન જરૂર પ્રગટ કરો.

અંતમાં ફરીને કહીએ છીએ કે હે જીવ! આત્માને સમજીને શ્રદ્ધા કરવાનો અવસર આવ્યો છે તેને વધાવી લેજે. ભાઈ, આત્માનું સ્વરૂપ સમજીને હિત કરવા જેટલો ઉઘાડ તને થયો છે, તો તે ઉઘાડને પરમાં (સંસારના કાર્યોમાં) વ્યર્થ ન ગુમાવ, તેને આત્મામાં લગાવ. ઉપયોગને અંતર્મુખ કરીને વીતરાગવિજ્ઞાન પ્રગટ કર. તારી બુદ્ધિને આત્મામાં જોડીને સમ્યગ્દર્શન પ્રગટ કર. તું પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ છો. બીજું તને શું કહીએ? ચેત! ચેત! ચેત!

卐 जग हो सम्यग्दर्शन-धर्मनो. 卐

## સંતની શિખામણ

આત્માના સારા ભાવોનું સારું ફળ આવે જ છે. સાચા ભાવનું સાચું ફળ આવ્યા વગર રહેતું નથી. માટે બીજા પ્રસંગો ભૂલીને આત્માના ભાવને જે રીતે પ્રોત્સાહન મળે તેવા જ વિચારો કરવા. સાચા ભાવ થતાં તેનું સાચું ફળ જરૂર આવશે અને બહારમાં પણ બધું વાતાવરણ સારું થઈ જશે. આત્માને મુંઝવણમાં ન રાખવો પણ ઉત્સાહમાં રાખવો. પોતાના ભાવ સુધારતાં બધું સુધરી જાય છે. માટે આત્માને ઉલ્લાસમાં લાવીને પોતાના હિતના જ વિચાર રાખવા; તેમાં ઢીલા ન થવું. (સમ્યગ્દર્શન પુસ્તક–૩ માંથી)

# રત્નત્રયના મહા નિધાનથી શોભતું આનંદમય ચૈતન્યઘર

## ( ધનતેરશનું પ્રવચનઃ નિયમસાર ગાથા ૧૩૬ )

જેમાં રત્નત્રય નિધાન ભરેલા છે એવા નિજ–પરમાત્માને પ્રાપ્ત કરનાર જીવ કેવો છે? એટલે કે નિજપરમાત્માની અનુભૂતિ વડે જે મોક્ષમાર્ગને સાધી રહ્યો છે તે જીવ કેવો છે? તેનું વર્ણન છે. તે જીવને મોક્ષની નિશ્ચય ભક્તિ છે, એટલે કે પોતાના પરમાત્માની ભક્તિ છે.

પોતાના ચૈતન્ય–પરમાત્મસમુદ્રમાંથી આનંદનું અમૃત પીવામાં તે જીવ અભિમુખ છે. તે રાગાદિ વિકલ્પોની સન્મુખ નથી, તેનાથી તો વિમુખ છે–જુદો છે, ને અંતરમાં પોતાના અનંત આનંદના સમુદ્રમાં અભિમુખ થઈને આનંદરસનું પાન કરવામાં તત્પર છે. આનંદનો સમુદ્ર હું પોતે જ છું–એમ અભેદ અનુભૂતિ વડે પોતે આનંદરૂપ થયો છે; આવો મોક્ષમાર્ગ છે; તેમાં કોઈ ભેદકલ્પના નથી, વિકલ્પ નથી, દુઃખ નથી, અશાંતિ નથી. અરે ચૈતન્યના વેદનમાં વિકલ્પ કેવા? ચૈતન્યવસ્તુ પોતે વિકલ્પ વગરની છે.

અહા, આવી ચૈતન્યવસ્તુ હું છું–એમ સ્વતત્ત્વના પરમ મહિમાપૂર્વક પોતાના સ્વરૂપનો નિર્ણય કરવો–તે જ અનુભૂતિનો રસ્તો છે. ચૈતન્યસૂર્ય ઊગવાનો સીધો રસ્તો આ છે, બીજો તો કોઈ રસ્તો નથી. અંતરના રસ્તા તો અંતરમાં જ હોયને! શાંતિ તો અંતરમાં છે, બહારમાં ક્યાંય નથી.

આત્મા સ્વસન્મુખ થઈને જ્યાં સમ્યક્ રત્નત્રયરૂપે પરિણમ્યો ત્યાં તે મોક્ષમાર્ગમાં સ્થિત થયો. તેનાં સમ્યક્ રત્નત્રય તે રાગ વગરનાં છે, તેમાં ભેદ નથી, વિકલ્પ નથી, તેમાં તો ચૈતન્યના પરમ આનંદરસનું પીણું છે. આવી શુદ્ધ મોક્ષમાર્ગરૂપ પરિણતિમાં પોતાના આત્માને જે પરિણમાવે છે તે મોક્ષની પરમભક્તિ કરનારો છે એટલે કે મોક્ષનો આરાધક છે.

આજે 'ધનતેરસ' છે; અજ્ઞાનીઓ બહારના ધનની ભાવના ભાવે છે, પણ ધન્ય એવું જે નિજસ્વરૂપ, તેની સન્મુખ થઈને સ્વરૂપની લક્ષ્મીનું સ્વસંવેદન કરવું તે જ ધન્ય છે. આત્માની ચૈતન્યલક્ષ્મીને ભજવી તે મોક્ષસંપદાની પ્રાપ્તિનું કારણ છે.

ભાઈ! તારે આનંદરસ પીવો હોય તો તારા આત્માને રાગમાંથી ઊઠાડીને તારી નિર્મળપર્યાયમાં જ સ્થાપ. તારા પરિણામને તારા પરમતત્ત્વની સન્મુખ કર, તેમાં જ આનંદરસનો અનંતસાગર ભર્યો છે. ભાઈ, તારું ચૈતન્યતત્ત્વ આનંદથી ભરેલું છે. તારું સ્વઘર આનંદથી શોભાયમાન છે. આવા સુશોભિત આનંદમય સ્વઘર તેમાં વસતાં આત્મા પોતે મહાશુદ્ધ સમ્યક્રત્નત્રયરૂપે પરિણમે છે, એટલે કે પોતે મોક્ષમાર્ગમાં સ્થિત થાય છે. પહેલાં રાગમાં એકતાથી દુઃખમાં પીડાતો હતો, હવે રાગથી ભિન્ન ચેતના વડે આનંદને અનુભવે છે.

સ્વમાં સન્મુખ થવું ને પરથી વિમુખ થવું–તેમાં બીજાની અપેક્ષા ક્યાં છે? બીજા પરમાત્મા તરફના ભાવવડે પણ નિજપરમાત્માની સન્મુખ થવાતું નથી. પોતાનું પરમાત્મતત્ત્વ પોતાથી જ શોભે છે, તેને કોઈ બીજાની અપેક્ષા નથી. વાહ રે વાહ! જુઓ તો ખરા, પરમાત્મતત્ત્વ પોતે પોતાથી કેવું સુશોભિત છે! અદ્ભુત છે, આનંદકારી છે.

વીતરાગી દેવ–ગુરુએ આવું તત્ત્વ કહ્યું છે–એમ ખ્યાલમાં લીધું, છતાં જ્ઞાન જ્યાં સુધી વીતરાગી દેવ–ગુરુની જ સામે રહે ને અંદર પોતામાં પરિણામને ન જોડે ત્યાં–સુધી આત્મતત્ત્વની સ્વાનુભૂતિ ન થાય. સ્વાનુભૂતિ તો અંતર્મુખ પરિણામ છે, તે બહિર્મુખ પરિણામ વડે કેમ થાય? બાહ્યવલણથી અંતરમાં કેમ અવાય? અંતરનો માર્ગ તો પરમ નિરપેક્ષ, એકલા નિજસ્વભાવમાં જ સમાય છે. ચૈતન્યચમત્કારી આત્મવસ્તુ જ કોઈ અજબ છે–કે જે પોતે એકલો પોતામાંથી જ મોક્ષમાર્ગ કાઢીને તેમાં પોતે સ્થિત થાય છે, ને આનંદથી પોતે શોભે છે.

અહો, ઉત્કૃષ્ટ શાંતિનું ધામ, અનંત સુખનું ધામ એવું આ ચૈતન્યઘર! તે મહાન શુદ્ધ રત્નત્રયના નિધાન વડે શોભતું છે, તેમાં કોઈ વિપદા નથી. તેને કોઈ બીજાની સહાય કે ટેકો નથી; આત્મા અસહાયપણે પોતે પોતાના ચૈતન્યધામમાં સ્વભાવથી ટકનારો–શોભનારો–મોક્ષમાર્ગે ચાલનારો છે. ભાઈ! અંતર્મુખ થયા વગર આવો માર્ગ નીકળે તેમ નથી.

**આત્મધર્મના ગ્રાહકો:-** પોતાનું લવાજમ મનીઓર્ડર દ્વારા મોકલે તેમને સૂચના કરવામાં આવે છે કે મનીઓર્ડરના ફોર્મમાં નીચેની કાપલી–કે જે પૈસા લેનાર પાસે રહેતી હોય છે–તેમાં આપનું પૂરું સરનામું લખો; તથા જે કામ માટે મનીઓર્ડર કર્યો હોય તેની વિગત લખો. સરનામા વગર વ્યવસ્થામાં મુશ્કેલી પડે છે. (એક જિજ્ઞાસુ–ભાઈનો મનીઓર્ડર રૂ. ૭–૪૦ નો આવેલ છે તેઓ પૂરું સરનામું મોકલશો.)




મુંબઈના સમાચાર–આપણા મુમુક્ષુ મહામંડળના માનનીય પ્રમુખ શ્રી નવનીત લાલભાઈ ઝવેરી દરવર્ષે કેટલાક મહિના સોનગઢમાં રહીને ગુરુદેવના સત્સંગનો લાભ લ્યે છે; પરંતુ છેલ્લા કેટલાક વખતથી તેમની તબીયત નબળી રહેતી હોવાથી હમણાં તેઓ મુંબઈથી આવી શક્યા ન હતા, તેથી ગુરુદેવના દર્શનની તેમને તીવ્ર ઝંખના રહ્યા કરતી હતી. તેમની આ ભાવના ગુરુદેવ પાસે પહોંચતા ગુરુદેવે તેમની વિનંતી સ્વીકારી અને આસો વદ ૧૦–૧૧ બે દિવસ મુંબઈ પધાર્યા. પોતાના ઉપર આવી કૃપા દેખીને અને પોતાના આંગણે ગુરુદેવના દર્શન કરીને શ્રી નવનીતભાઈને તથા તેમના પરિવારને ઘણી પ્રસન્નતા થઈ; મુંબઈના મુમુક્ષુજનો પણ બહુ ખુશી થયા. એક પ્રવચન થયું તેમાં હજારો જિજ્ઞાસુઓએ લાભ લીધો. નવનીતભાઈના સુપુત્ર કિરણભાઈએ આ પ્રસંગે જ્ઞાનપ્રચાર ખાતે દશ હજાર રૂ. જાહેર કર્યાં. ગુરુદેવ મુંબઈથી આસો વદ ૧૨ ના રોજ સોનગઢ પધાર્યા. માનનીય નવનીતભાઈ મહાન સંસ્થાના પ્રમુખ હોવા છતાં ખૂબ વિનમ્ર, ઉદાર અને ભાવનાશીલ સજ્જન છે, વીતરાગી સાહિત્ય દ્વારા જ્ઞાનપ્રચારની તેમને ઉત્તમ ભાવના છે, તેમજ વધુ ને વધુ નિવૃત્તિપૂર્વક સોનગઢ રહીને તત્ત્વભાવનામાં પોતાનું જીવન ગાળવાની તેમની ઘણી ઉત્કંઠા છે; મુમુક્ષુ સમાજ પ્રત્યે તેમની વત્સલભાવના પણ પ્રશંસનીય છે. સંસ્થાના સુભાગ્યે આવા ઉમદા પ્રમુખ મળ્યા છે. તેઓ જલ્દી સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે અને વેલાવેલા સોનગઢ ગુરુશરણમાં આવીને આત્મિક અનુભૂતિ પામે–એવી સમસ્ત સમાજની હાર્દિક શુભેચ્છા છે. **–બ્ર. હ. જૈન.**

સોનગઢમાં દીપાવલી પર્વઃ–આનંદ–ઉલ્લાસપૂર્વક ઉજવાયું હતું. દીપાવલી તેમજ બેસતાવર્ષે ગુરુદેવના મંગલ દર્શન કરવા તથા અધ્યાત્મતત્ત્વની અપૂર્વ બોણી લેવા ગામેગામના જિજ્ઞાસુજીવો મોટી સંખ્યામાં સોનગઢ આવ્યા હતા. આનંદોલ્લાસ ભરેલા વાતાવરણથી સુવર્ણનું સુપ્રભાત શોભતું હતું, ને ચારેકોર વીરનાથના માર્ગની બોલબાલા હતી. અહા, ધન્ય સુવર્ણધામ કે જ્યાં ભગવાન વીરનાથનો મુક્તિમાર્ગ સતત પ્રવર્તી રહ્યો છે. ગુરુદેવ દ્વારા એ મુક્તિમાર્ગના પ્રકાશકિરણો પામીને મુમુક્ષુઓ ધન્યતા અનુભવે છે. આવા માર્ગનો જેનાથી લાભ મળે તેના કરતાં ઉત્તમ બોણી જગતમાં બીજી કઈ છે?

સમ્યગ્દર્શન પુસ્તક ચોથું:–સમ્યગ્દર્શનનું અલૌકિક સ્વરૂપ સમજાવીને જિજ્ઞાસુને તેની ઉલ્લાસભરી પ્રેરણા આપે છે. દરેક જિજ્ઞાસુને ખૂબ ઉપયોગી છે. સાથે સમ્યક્ત્વના આઠ અંગની આઠ કથાઓ પણ આપવામાં આવી છે. થોડા પુસ્તકો અડધી કિંમતે વેચાણમાં મુકેલા છે. કિંમત રૂ. ૧–૫૦ ( પોસ્ટથી મંગાવનારે બે રૂપિયા મોકલવા. )




પોરબંદરઃ–શ્રી કંચનબાઈ નેમિદાસ ઢાંકી આસો વદ છઠ્ઠના રોજ પોરબંદર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા કેટલાક વખતથી તેઓ બિમાર હતા; બિમારી ગંભીર લાગતાં તેમને પૂ. ગુરુદેવના દર્શનની ભાવના જાગી, આથી સોનગઢથી પધારવા માટે વિનતી કરતાં, પૂ. ગુરુદેવ, તેમજ પૂ. બેનશ્રી–બેન પોરબંદર પધાર્યા. તેમના દર્શનથી કંચનબેનને ખૂબ ઉલ્લાસ થયો. આસો વદ ચોથે સાંજે ગુરુદેવ પોરબંદર પહોંચી ગયા હતા, ને નિયમસારમાંથી અડધીકલાક સુધી વૈરાગ્યરસઝરતું વાંચન કર્યું હતું. પૂ. બેનશ્રી–બેને પણ વૈરાગ્યવચનો સંભળાવ્યા હતા. ગુરુદેવને દેખીને અને તેમની વીરતાપ્રેરક વાણી સાંભળીને કંચનબેન ઘડીભર તો દેહના રોગને ભૂલી ગયા હતા ને જયજયકારપૂર્વક પ્રમોદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે તેમણે પરમાગમમંદિરમાં રૂ. દશ હજાર તેમજ બીજી રકમો અર્પણ કરી હતી. પાંચમની સાંજે ગુરુદેવ પોરબંદરથી રાજકોટ પધાર્યા હતા. તે જ દિવસે રાત્રે કંચનકાકીનો આત્મા સ્વર્ગવાસ પામ્યો હતો. તેઓ ઉત્સાહી હતા ને અવારનવાર સોનગઢ રહીને લાભ લેતા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની મંગલ છાયામાં તેઓ આત્મહિત પામો. ( પોરબંદરથી રાજકોટ થઈને આસો વદ સાતમે પૂ. ગુરુદેવ સોનગઢ પધાર્યા. રાજકોટમાં એક દિવસ પ્રવચન વગેરેનો લાભ મળતાં સૌને હર્ષ થયો હતો. )

જામનગરના પુંજાભાઈ મેરગના ધર્મપત્ની મોંઘીબેન ( ઉ. વ. ૬૭ ) આસો સુદ આઠમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ જિનમંદિરમાં હંમેશાં બંને વખતે હાજરી આપતા. અંતિમ દિવસે રાત્રે ૯ાા સુધી તેઓ જિનમંદિરે વાંચનમાં બેઠા હતા; ત્યારબાદ ઘેર ગયા ને સાડાદશ વાગતા તો દેહ છોડીને સ્વર્ગવાસ પામી ગયા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મહિત પામો.

# ભગવાનનો માર્ગ જ્ઞાનમાં સમાય છે

આત્મા પોતે સ્વતઃસિદ્ધ જ્ઞાન છે. અને જ્ઞાન પોતે સ્વતઃસિદ્ધ પુણ્ય–પાપ–રાગ–દ્વેષ વગરનું છે. તેમાં સ્વતઃઆનંદ છે, દુઃખ નથી. અંદરમાં જ્ઞાનભાવ છે તેને પકડતાં આત્મા વેદનમાં આવે છે, અને એ વેદનમાં રાગદ્વેષાદિ સમસ્ત વિકારનો અભાવ છે, અનંત ગુણના શાંતરસનો સદ્‌ભાવ છે. વિકાર વગરનું શાંત–શાંત જ્ઞાનસ્વરૂપ છે તે જ મુક્તિનું મૂળ છે, તે જ્ઞાનની સાથે મહા આનંદ–મહા સુખ છે. આવા અનંત ગંભીર ભાવોથી ભરેલું જ્ઞાનતત્ત્વ છે, તે આત્મા પોતે જ છે...તે હું પોતે જ છું.

આત્મા જ્ઞાનમય છે, તેનાં જ્ઞાનમય પરિણામમાં તો શાંતિ હોય, વીતરાગતા હોય, મહાન આનંદ ને સુખ હોય, ચૈતન્યપ્રકાશ હોય; જ્ઞાનપરિણામમાં અશાંતિ ન હોય, રાગ–દ્વેષ ન હોય, દુઃખ ન હોય, મોહઅંધકાર ન હોય. આવું ચૈતન્યતેજ હું છું–એમ જે અનુભવે છે તેને જ સમ્યક્‌ત્વાદિ વીતરાગભાવરૂપ સામાયિક હોય છે. આવા જ્ઞાનભાવ વડે જ ભવનો નાશ થાય છે ને મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. તેથી ધર્માત્મા કહે છે કે અહો, આવું જે મારું જ્ઞાન–તેને જ હું પૂજું છું, તેમાં જ નમું છું, તેમાં જ સ્વસન્મુખ થઈને એકાગ્ર થાઉં છું.

રાગ વગરનું મારું જે જ્ઞાનસ્વરૂપ છે તે જ સુંદર છે, તે જ જગતના શિરોમણિ જેવું છે. આવા જ્ઞાનપણે આત્માને અનુભવવો તે જ ભગવાન વીતરાગનો માર્ગ છે. ભગવાનનો માર્ગ જ્ઞાનમાં સમાય છે; રાગમાં ભગવાનનો માર્ગ નથી. જ્ઞાન તો રાગનું નાશક છે, ઉત્પાદક નથી, કેમકે જ્ઞાન પોતે સ્વતઃ રાગ વગરનું છે. જ્ઞાનમાં રાગ ક્યાં છે ?–કે તે રાગને કરે ! જ્ઞાન કદી વિકલ્પને કરતું નથી, પોતે વિકલ્પરૂપ થતું નથી; વિકલ્પ સાથે જ્ઞાન ભેળસેળ થતું નથી.

અહો, આવું જ્ઞાન ! શુદ્ધ એકલું વીતરાગી જ્ઞાન ! તે હું છું. આવા જ્ઞાનની અનુભૂતિમાં મહાન આનંદ છે, ને રાગનો અભાવ છે. અરે, પોતે પોતાના જ્ઞાનના સ્વીકાર વગર તેમાં એકાગ્રતા કે નિર્વિકલ્પતા ક્યાંથી થાય ? આનંદનું ધામ તો હું જ છું, જ્ઞાનનું ધામ તો હું જ છું. જગતમાં ત્રિકાળપૂજ્ય આત્માનો જ્ઞાનસ્વભાવ છે, જ્ઞાનને તેમાં જોડીને, જ્ઞાનવડે હું મારા આવા સ્વભાવને પૂજું છું. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેની ઉપાસના–સેવા–પૂજા જ્ઞાનવડે જ થાય છે, શરીર વડે કે રાગવડે તેની પૂજા થતી નથી. દેહથી ને રાગથી ભિન્ન થઈને, જ્ઞાનમાં એકાગ્ર થવું તે જ જ્ઞાનની આરાધના છે, તે જ મુક્તિનો ઉપાય છે.

# આ ત્મ ધ ર્મ

( ૨૯માં વર્ષનો પ્રારંભ )

- આત્માર્થની પુષ્ટિ કરવી એ જ એનું ધ્યેય છે એવું આપણું આ આત્મધર્મ માસિક શ્રી વીતરાગી દેવ–ગુરુ–ધર્મની મંગલછાયામાં આજે ૨૯માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. આ પ્રસંગે શ્રી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે પરમ ભક્તિથી ઉપકાર –લાગણીપૂર્વક અભિવંદના કરીએ છીએ, ને મુમુક્ષુ સાધર્મીજનો પ્રત્યે ધર્મપ્રેમસહિત અભિનંદન પાઠવીએ છીએ.
- આજે પૂ. શ્રી કહાનગુરુ આપણને જૈનધર્મનું સ્વરૂપ સમજાવીને આત્મહિતનો જે અંતર્મુખી માર્ગ બતાવી રહ્યા છે તે જ આ આત્મધર્મ દ્વારા મુમુક્ષુઓને પીરસવામાં આવે છે. ભારતના હજારો મુમુક્ષુઓ આજે હોંશથી તેનો લાભ લઈ રહ્યા છે.
- કારતકથી આસો સુધીનું વાર્ષિક લવાજમ ચાર રૂપિયા છે. અંક દરમહિને પચીસમી તારીખે નિયમિત રવાના થાય છે. સંસ્થાના મેનેજર શ્રી કાન્તિભાઈ ભાયાણી તથા સંપાદક શ્રી પોતે આ વખતે વ્યવસ્થામાં દેખરેખ રાખી રહ્યા છે, તેથી અવ્યવસ્થા થવાનો સંભવ નથી; તેમ છતાં પહેલી તારીખ સુધીમાં અંક ન મળે તો અઠવાડિયામાં ખબર આપવાથી બીજો અંક મોકલી આપવામાં આવશે. તે માટે પોતાનું પૂરું સરનામું તથા ગ્રાહકનંબર લખવાની ખાસ ભલામણ છે. આત્મધર્મની પહોંચનો જે નંબર હોય તે જ ગ્રાહકનંબર સમજવો; તેમજ દરેક આત્મધર્મના પેકિંગ ઉપર પણ આપના સરનામા સાથે ગ્રાહકનંબર લખાય છે.
- આ વર્ષે ત્રણહજાર ગ્રાહકો થવાનો અંદાજ છે. બે હજાર ઉપરાંત ગ્રાહકોનાં લવાજમ આવી ગયા છે. બાકીનાં પણ હજી વેળાસર મોકલીને વ્યવસ્થામાં સાથ આપશે એવી આશા છે. **આત્મધર્મ કાર્યાલય. સોનગઢ ( સૌ. )**

પ્રકાશકઃ શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૦૦૦
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય; સોનગઢ ( સૌરાષ્ટ્ર ) કારતકઃ ( ૩૩૭ )